




"શ્રી. વિજયકુમાર સાકરચંદ ઘીયાના સૌજન્યથી"

૩૯૩૭

# આચાર્યની આંખે....!

લેખક: આ. મ. શ્રી કીર્તિસાગરસુરિજી

જગતમાં ડાહ્યા કહેવાતા માનવીઓની તપાસ કરીએ તો ઘણાખરા મનના વિકારોને વશ બનેલા હોય છે. કોઇ સલાહ લેવા લાયક લાગતા હોય છતાં પોતાના ધનસંપત્તિના મદમાં રહેલા હોય છે. કોઇ લોભને વશ હોવાથી સત્ય સલાહ કે સૂચના આપતાં ખચકાય છે. કોઈ મનોહર સુંદરીના પાશમાં પડેલ હોવાથી જગતમાં જીવોની મનોવેદના કે યાતનાઓ જોવાની તેઓની મનોવૃત્તિ જાગૃત થતી નથી. કોઇ "મરી ગયા"ના પોકારો પાડતા હજારો રૂપિયાનો વ્યય કરી શરીરની દવા કરાવતા હોય છે. કોઇ ખોટા દંભમાં મગ્ન હોય છે. કોઈ ધમાલમાં, ઘમંડમાં, રાચી માચી રહેલ હોય છે. કોઇને તો ક્રોધ-ગુસ્સો આવતાં વાર લાગતી નથી. કોઇ સામાની વાત સાંભળી મશ્કરી કરવામાં પાવરધા હોય છે. કોઈ બીકણુ બીલાડા હોય છે, તેમજ વાતવાતમાં "છીંક ખાધે છીંડુ પડયું" માનનાર હોય છે. કોઇ વળી ઉપરથી સભ્ય જણાતા હોય છે પણ તેના જીવનનો અભ્યાસ કરતાં, તેના પરિચયમાં આવતાં અતિ તુચ્છ-ક્ષુદ્ર અને પામર જેવા માલુમ પડે છે. આવા માનવોમાં આત્મજ્ઞાન-સમતા રસનાં ઝરણાં કયાંથી હોય? એ ગમે તેટલું ભણેલા હોય, ગમે તો ગ્રેજ્યુએટ થએલા હોય, વિશ્વવિદ્યાલયની મહાન પદવીઓ લીધેલ હોય, ન્યાયાસન પાસે અક્કલને ચક્કરમાં નાખી દે એવી દલીલો કરનાર હોય, મુત્સદ્દીગીરીમાં સામાને થાપ ખવરાવનાર હોય પણ તેઓ આત્મધર્મમાં પાછળ હોય છે.

* * *

ઉત્સાહ, હિંમત, આશા ને આનંદ એ એવાં સાધનો છે કે વૃદ્ધને યુવાન બનાવે છે. દીન-હીનમાં પ્રબલતા લાવે છે. નિરૂદ્યમીને ઉદ્યમી બનાવે છે. મૂર્ખને પંડિત બનાવનાર જો કોઈ હોય તો, ઉત્સાહ, હિંમત વિગેરે સદ્‌ગુણો છે. આ સિવાય મનુષ્યો નિર્માલ્ય બની ઝુરી ઝુરીને પોતાનું જીવન ગુજારે છે અને સડે છે.

જગતમાં ઉત્સાહ અને હિંમત આપનાર તે સદ્‌ગુણો સાચા મિત્રો છે. સદ્‌ગુણો એ આધિ-વ્યાધિ અને ઉપાધિનાં દુઃખોને દૂર કરવાની સાચી દવા છે. આવી સાચી દવા લેવા દરરોજ લાગણી રાખવી.

# બુદ્ધિપ્રભા

માસિક

તંત્રીઓઃ- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયા

વર્ષ ૩જું અંક ૨૫

પ્રેરકઃ- મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી

સંવત ૨૦૧૮ કારતક

## ચિંતન કણિકાઓ

જીવનધન! આ જિંદગી તારી છે. તને ફાવે તે ઘાટ ઘડ. પણ જો મને દીન કે લાચાર ન બનાવીશ. નહિ તો મારે ને તારે નહિ બને. લાચાર બનીને તો હું તારી પાસે પણ હાથ ધરવા નથી માંગતો. તું મારો પ્રેમ-પ્રદીપ હોય તેથી શું ?....

0 00 0

શબ્દ એ શક્તિ છે; સ્પર્શ મહાશક્તિ. માનો વહાલસોયો સ્પર્શ થતાં જ ભૂખ્યું બાળક સૂઈ જાય છે....

0 00 0

"જીવતાં તો વહાલનો એક શબ્દ નથી દીધો અને હવે મારી કબર પર ફુલ ચડાવો છો ? મારા મૃત્યુ માટે આંસુ સારો છો ? રહેવા દો, તેમ કરી મારા મૃત્યુને અભડાવશો મા...." કબરમાં દટાયેલી એક લાશ બોલી રહી હતી.

ખરેખર! મરનારને કુટનાર મળે છે, જીવતાને સમજનાર નથી મળતા !....

0 00 0

રડતી આંખો માટે મારા દિલમાં દયા નથી કારણ આંખ ખોટુય રડી શકે છે. આંખોના આંસુની નહિ; હું તો હૈયાના આંસુ માટે દવા આપુ છું....

0 00

ગુલામો અને નોકરોમાં શું ફેર છે? પહેલાં ગુલામોનું જાહેર લીલામ થતું હતું. આજ નોકરોનું છુટક વેચાણ થાય છે....

૦ ૦૦ ૦

વિધવા એ તો ફુટેલા લગ્નદીપની સળગતી વાટ છે....

૦ ૦૦ ૦

મારી ભાવનાને મેં લયલા બનાવી છે અને બ્રહ્માંડના અણુ એ અણુમાં એ એના મજનુ (પ્રભુ)ને જોઈ શકે છે, મળી શકે છે, વાતો કરી શકે છે....

૦ ૦૦ ૦

હજુ જન્મ્યા બે જ દિવસ થયા હતા. અને એ ફુલ મુરઝાઈ ગયું. કારણ એની મામાં ધાવણ નહતું. અને બાટલીના દૂધ માટે પૈસા ન હતા.

તે આખી રાત એ માના દુઃખે મારી આંખો ભીની રહી હતી.

કુવાના થા પરળા તાજા જ જનમેલા બાળકની લાશ પડી હતી. બાજુમાં જ લુખ્ખી આંખે ને નિરાંતનો દમ ખેંચતી મા બેઠી હતી. બસ, ત્યારથી એ મા માટે મારી આંખ સળગે છે.

કારણ એની પાસે સામાજિક પ્રતિષ્ઠા હતી; પ્રેમ ન હતો.

૦ ૦૦ ૦

તાજી બનેલી વિધવા એના સંતાનને કહી રહી હતી : "ના, રો મારા લાલ, ના રો" મારી આંખમાં ભલે આંસુ ભરેલાં હોય, પણ નહિ, મારા બાળ! નહિ, એ આંસુ તને નહિ આપું. જો! તારા માટે તો મેં આ છાતીમાં દૂધ ભરી રાખ્યું છે. એ પીને મહાન બન, મારા લાલ!....

૦ ૦૦ ૦

દેવતા! મારા, તારા આ હૈયાને હું શું કરુ? જિંદગી મારી ને હુકમ એ કરે છે. ગરીબાઇના આર્તનાદો, ભુખ ને વાસનાના દારૂણ દુઃખો, માનવતાના અત્યાચાર વગેરેથી જ્યારે હું રડવા માંડું છું, મારું દિલ ભરાઈ આવે છે, મારો આતમ ચીસ પાડી ઊઠે છે ત્યારે તારું એ હયુ મને નાચ, નાઝનીન ને નશા ભણી તાણી જાય છે. મારે જ્યારે રડવું હોય ત્યારે એ મને હસાવે છે, દેવતા! મારા, હવે તું જ કહે, તારા એ દીપેલ નિષ્ઠુર હૈયાને શું કરું?....

મૃદુલ

# સાધનાને સાર્થક કરો....

## ( તંત્રી લેખ )

કારતક સુદ પાંચમ આવી અને ગઈ. એ જ્ઞાનયજ્ઞનો પુનિત દિવસ છે. આ દિવસે જ્ઞાનની સાધના થાય છે. મા શારદાની આરાધના થાય છે. અખંડ જાપ જપાય છે. નવાં સૂત્રોનો પ્રારંભ થાય છે. જ્ઞાનની પૂજા થાય છે. એની ઉજવણી થાય છે. તેના છોડ બંધાય છે. જ્ઞાનનું દાન થાય છે. જ્ઞાન માટેની નાની મોટી ટીપો થાય છે. જ્ઞાન માટે જે કંઇ થઇ શકે તે, પ્રભાવના, આરાધના, સાધના, પૂજા બધું જ આ દિવસે થાય છે.

આવું વરસોથી એકધારું ચાલ્યું આવે છે; છતાં ય તેની એ વિશિષ્ટતા છે કે તેમાં ક્યાંય ન્યૂનતા નથી આવી. હજુ તેવું જ ઉલ્લાસભર્યું પવિત્ર એ પર્વ રહ્યું છે, આ જ બતાવે છે કે હજુ લોકોની જ્ઞાન ભૂખ મરી પરવારી નથી. બલ્કે, અત્યારની હકીકતો, અહેવાલો ને આંકડાઓ જોતાં એ ભૂખ વધતી જ માલુમ પડે છે. એક દસકા પહેલાં ને આજ વચ્ચે જ્ઞાનની અનેકવિધ પ્રવૃત્તિઓ વધી છે. ઘણે ઠેકાણે નવી નવી પાઠશાળાઓ ખુલી છે. નવાં જુનાં પુસ્તકોનું પ્રકાશન થયું છે. જૈન સાહિત્ય પીરસતાં અનેક વાર્તા, તત્ત્વજ્ઞાન વ.નાં સામયિકો પણ તેમની સંખ્યા વધારે જાય છે.

આ બધી પ્રવૃત્તિનો ધમધમાટ જોતાં તો પહેલી નજરે એમ જ લાગે છે કે આ હા હા! આપણે કેટલી બધી પ્રગતિ કરી રહ્યા છીએ!! કારણ એક જ વરસમાં અનેક ઇનામી મેળાવડા, સંસ્કાર કાર્યક્રમો, ભાષણો, અહેવાલો વ. જોવા, વાંચવા મળે છે વિદ્યાર્થી સંખ્યાનો આંક જોતાં પણ એમજ લાગે છે કે ઘણા બધા જૈન સાહિત્યના અભ્યાસ ભણી વળ્યા છે.

પરંતુ દુઃખ સાથે લખવું પડે છે કે આપણી જૈન કેળવણીની દશા પણ અત્યારની વ્યાવહારિક કેળવણી જેવી વિખરાયેલી ને અવ્યવસ્થિત છે. જ્ઞાન પાછળ ઘણી જહેમત અને અઢળક પૈસા ખર્ચવામાં આવે છે પરંતુ પાંચ વરસેય કોઇ એક એવો અભ્યાસી તત્ત્વજ્ઞ તૈયાર નથી થઇ શકતો કે જે દુનિયાના ધર્મોની પંગતમાં (Stage) એક હરોળમાં ઉભો રહી શકે. શ્રમણ સંસ્થા તરફ જોતાં પણ નિરાશા જ મળે છે. ત્યાં પણ કોઇ તટસ્થ ને વિશદ દૃષ્ટિવાળા ને ઊંડા તત્ત્વજ્ઞ અભ્યાસી જોવા નથી મળતા.

જે જૈન તત્ત્વજ્ઞાન આજ વિજ્ઞાનની કસોટીમાંથી અણિશુદ્ધ પાર ઉતર્યું છે તે જ ઉમદા જ્ઞાનની આવી અવ્યવસ્થા ને બેદરકારી–ઉપેક્ષા જોઇ ઊંડું દુઃખ થાય છે. વિજ્ઞાનના પ્રયોગોએ આજ સાબિત કર્યું છે કે હવા, પાણી, વનસ્પતિ વ.માં જીવ છે. (જે ભ. મહાવીરે વગર પ્રયોગે જ્ઞાનથી કહ્યું છે.)

આપણી પાઠશાળાઓને, તેના અભ્યાસને, તેની પરીક્ષાઓને વ્યવસ્થિત કરવાની જરૂર છે. હિંદની તમામ જૈન પાઠશાળાઓને એક સૂત્રે પરોવવાની જરૂર છે. ભલે જુદા જુદા ફીરકાઓની અભ્યાસની એકતા હાલ ન આવી શકે પરંતુ એક જ ફીરકાની અભ્યાસી એકતા આણવી આવશ્યક ને આજ તે અનિવાર્ય છે.

અમારૂં તો માનવું છે કે કુશળ અધ્યાપકો ને પંડિતો સંચાલિત કોઇ અખિલ હિંદ વ્યાપી આવી સંસ્થા તરફથી બધી પાઠશાળાઓનું સંચાલન થાય તો જરૂરથી આમાં કંઇક ફેરફાર થાય. આવી અખિલ હિંદ વ્યાપી સંસ્થાનો વહીવટ જો આજની યુનિવર્સીટીઓની જેમ કરવામાં આવે તો જરૂરથી પાંચ–સાત વરસમાં તેનું કોઇ નક્કર પરિણામ આવે.

આ યોજના માટે અનેક સવાલ ઊભા થાય જ પરંતુ તે દરેકના ઊંડાણમાં હાલ ઉતર્યા સિવાય અમે આવી કોઇ સંસ્થા ઊભી થાય તેવો એક માત્ર નિર્દેશ જ કરીને, હાલ વિરમીએ છીએ.

આ કામ ઘણું ભગીરથ પુરૂષાર્થ, કુશળ વહીવટ ને તેવું ઘણું બધું માગે છે પરંતુ એક

જૈન પુસ્તકાલય (જ્ઞાનમંદિર) ઊભું કરવું એ તેટલું ભગીરથ નથી. આજે વાચન ભૂખ વધી છે. જિજ્ઞાસાનું જોર પણ વધતું જ જાય છે. અને આ બન્નેય સંતોષી શકાય તેવું બધલખ સાહિત્ય આપણી પાસે છે.

આજ આપણા દેશમાં ભાષાવાર પ્રાંત છે. આપણે જો આપણા સાહિત્યને લોકભોગ્ય બનાવવું હશે તો તેને લોકોની વચમાં મુકવું પડશે. આપણા ગ્રંથો, પુસ્તકો, આગમોને માત્ર, કબાટો, ભંડારો કે ઉપાશ્રયમાં સંઘરી રાખવાથી કે માત્ર જૈન માટે જ તે ખુલ્લાં રાખવાથી તે દરેકના ઘેર, જૈન કે જૈનેતરને ત્યાં નહિ પહોંચી શકે.

**શું એવો પ્રયત્ન ન થાય કે એક એવા જ્ઞાનમંદિરની અંદર જૈન સાહિત્યના તમામ નાનાં મોટાં પુસ્તકો મળી શકે? એક એવો પ્રયાસ કરવામાં ન આવે કે હિંદી ભાષાની અંદર આપણું તમામ તત્વજ્ઞાન ભાષાંતર પામે? વિશ્વની બીજી પ્રજાઓ પણ આપણું તત્ત્વજ્ઞાન, આપણું સાહિત્ય વાંચે, તેનો અભ્યાસ કરે તે માટે મહત્ત્વના ગ્રંથોનું આંગ્લ ભાષાઓની અંદર અનુવાદ થાય, તેવું કંઈક થઇ શકે તે માટે શું કોઇ કાર્ય હાથ ન ધરાય?**

આજ એવા જૈન જ્ઞાનમંદિર (Library)ની ખૂબ જ ખૂબ જ જરૂર છે. ભલે દરેક પ્રાંતમાં તેવું કોઇ એક મંદિર ન હોય પરંતુ અખિલ હિંદ ખાતે એકાદ પણ એવું જ્ઞાનમંદિર કે જેમાં જૈન-ધર્મના તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ચરિત્રગ્રંથ સાહિત્ય વ. તમામ પ્રકારનાં વાઙ્ગમય ઉપલબ્ધ હોય અને અનેક ભાષામાં હોય તેમજ દરેક ફીરકાનું તેમાં સાહિત્ય હોય, જો ઊભું કરવાના પ્રયત્ન આદરવામાં આવશે તો જ્ઞાનપંચમીની સાધના સાર્થક બનશે. 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની આપણી બહુજન હિતાયની ભાવના તેથી મૂર્ત બનશે.

આચાર્ય ભગવંતો, સમર્થ મુનિરાજો અને સમાજના અગ્રીમ કાર્યકરો જ્ઞાનપંચમીની સાધના રૂપે તેવું કંઇક કરવાનો નિર્ધાર કરી જ્ઞાનપંચમીની સાધના કરે એવી અમારી નમ્ર વિનંતી છે. તેવા પ્રયાસમાં અમારો સાથ ને સહકાર રહેશે તેની અમે ખાત્રી આપીએ છીએ.

---

## પૂજ્ય સાધુ-સાધ્વીજી મ. શ્રીને વિનંતિ—

હવે પછીના અંકો આપશ્રીના વિહારના કારણે આપને ક્યાં મોકલવા તેનું ચોકકસ સરનામું જણાવી આભારી કરશોજી.

## અંક માટેની ફરિયાદ:—

અંક માટેની જે જે વાચકોની ફરિયાદ આવે છે તે યથાસ્થાને છે. માસિકનું કામ મુશ્કેલ તો છેજ. વળી કેટલીક પોસ્ટ તથા સરકારી તકલીફોને અંગે વધારે પણ મુશ્કેલ બને છે

બાળક બે વર્ષનું ગણાય-મુશ્કેલીઓમાંથી પસાર થઇ પાપા પગલી માંડતું થયું છે. આપશ્રી સર્વના સહકારથી સારી રીતે ચાલતું થઈ જશે.

સમાચાર બહુ ટુંકાણમાં મુદ્દાસર દરેક મહિનાની બીજી તારીખ સુધીમાં મોકલી આપવા.

આ આખાય અંકમાં મતિદોષ કે પ્રેસદોષથી જે કંઇ શાસ્ત્રવિરૂદ્ધ લખાઈ ગયું હોય તે બદલ ત્રિવિધ-ત્રિવિધ ક્ષમા યાચીએ છીએ.

# આત્મા-પરમાત્મા

મૂ. લે. ખલિલ જિબ્રાન
અનુવાદક:-શ્રી. ધૂમકેતુ

અને પછી તેમાંના એક ઊભા થઇને કહ્યું : 'જે ઇશ્વર વિષે અમે આટલું બધું સાંભળીએ છીએ એ ઇશ્વર વિષે અમને કંઇક કહો. એ કોણ હશે! ક્યાં રહેતો હશે? એનો કાંઇ પત્તો?'

અને તેમની સમક્ષ ઊભા રહીને તેણે, આત્મવિશ્વાસભર્યા સ્પષ્ટ અવાજે પ્રત્યુત્તર આપ્યો: "ભાઇઓ! તમે તમારા બધાનાં હૃદયને સમાવી દે, એવું કંઇક મહાન હૃદય કલ્પો અને તમને ઇશ્વરની કાંઇક ઝાંખી થશે. તમારા બધાના જુદા જુદા પ્રેમ જ્યાં મળી જાય, એવો કોઇક મહાન પ્રેમસાગર કલ્પો અને તમને ઇશ્વરની કાંઇક ઝાંખી થશે. તમારું મૌન, તમારો પ્રાણ એ જ્યાંથી ઉદ્ભવે છે એવા કોઇ અનંતની કલ્પના કરો, અને તમને ઇશ્વરની કંઇક ઝાંખી થશે.

"દુનિયાના સઘળા જ સુંદર પદાર્થોની સુંદરતામાંથી એક સુંદર પદાર્થ કલ્પનામાં ઊભો કરો—એ ઇશ્વર હશે. જંગલ, સમુદ્ર, પર્વત, રણ, મેદાન એ બધાનાં અનંત મધુરાં ગીતોના કરતાં પણ વધારે મહાન, એવું એનું ગીત હશે.

"સૂર્ય, એ તો જેને પગ મૂકવાનું પથિયું છે, એવા કોઈ ભવ્ય સિંહાસન ઉપર બેઠેલ, વિરાટની કલ્પના કરો—એ ઇશ્વર હશે.

"પણ આ બધું બોલવું જેટલું સહેલું છે તેટલું કલ્પવું સહેલું નથી.

"તમે ખાવા પીવાનો અને રહેવા મકાનોનો, એ બે વસ્તુઓનો વિચાર કરવાને ટેવાયેલા છો; બહુ બહુ તો તમારાં વસ્ત્રો વિષે વિચાર કરો છો અને થોડા ઘણા સગાં સંબંધીઓ વિષે. પરંતુ એ બધાનાં વિચાર કરતાં, આ વિચારની આખી દિશા જ જુદા પ્રકારની છે.

"જેમને આ શોધખોળની ખરેખરી લગની લાગી હશે, તેમને તો પોતાનામાંથી ઉદ્ભવતા પ્રશ્નોની પરંપરા જ ઇશ્વરના સાન્નિધ્યની કંઇક ઝાંખી કરાવશે."

એની આ વાણી સાંભળી, અને તે બધાં એકદમ મૂંગા જેવા બની ગયા. એમને આમાં કંઇ સમજાયું ન હતું. દયાર્દ્ર ચિત્તે એણે ફરીવાર કહ્યું—

"આપણે હવે ઇશ્વરની ભવ્યતાની વાત છોડી દો. પણ એ પરમ આત્માને બદલે આપણે આપણામાં વસી રહેલા એક ઇશ્વરની, આત્માની, વાત કરો. આપણે આત્માઓ વિષે, આપણા પડોશીઓ વિષે વાત કરીએ.

"તમે ઊંચી ઊંચી વાદળા જેમ ઊંચે ઊડો છો અને તમને તે ઉત્તુંગ ઉડ્ડયન, વિશાળ સમુદ્ર ઉપર અને અફાટ મેદાનો ઉપર લઇ જાય છે પરંતુ એ ઉત્તુંગ ઉડ્ડયન કરતાં વધારે ઉત્તુંગ ઉડ્ડયન જ્યારે એક નાનું સરખું બીજ તમે ધરતીના પેટાળમાં મૂકો છો, ત્યારે કરો છો; અને જ્યારે તમે પ્રેમ ભરેલા અવાજે, તમારા પાડોશીને, સુપ્રભાતમ્ કહી શકો છો ત્યારે પણ, તમે તમને બન્નેને વિભક્ત કરતારું, કોઇ મહાન અફાટ વિશાળ મેદાન જાણે કે ઓળંગી જાઓ છો.

"તમે ઘણી વખત ઇશ્વરના અનંત સંગીત વિષે વાતો કરો છો, પણ એના કરતાં ઘર આંગણે

રમતા બુલબુલના ગાન વિષે કંઇક બોલતા હો ! ઝાડ ઉપરથી ખરતાં, ને ખરી રહેલાં પાન કેટલું મધુરું સંગીત હંમેશાં તમારી પાસે ગાઇ રહ્યાં છે ? મારા મિત્રો ! એક વાત તમારે આમાં યાદ રાખવા જેવી છે. જ્યારે પાંદડાં વૃક્ષની ડાળીએથી છુટા પડે છે, ત્યારે એ એવું મધુરું ગીત ગાય છે !

'હું તો એટલા માટે તમને કહું છું કે, આપણે બની શકે તો પરમાત્માની વાતને હમણાં રહેવા દઇએ. એને બદલે આપણામાંના દરેક, એક બીજાને હળીમળીને સમજવાનો પ્રયત્ન કરે. પાડોશી પડોશીને સમજે, તો એ પણ એક નાનો ઇશ્વર, બીજા ઇશ્વરને ભેટતો હોય તેવું થશે.

'એક પંખીની માદાનો વિચાર કરો. પોતનાં બચ્ચાંને તજીને એને અનંત આકાશમાં વિહરવાનું શું નહિ ગમતું હોય ?

'તમે જ્યારે તમારા નિત્ય જીવનની નાનામાં નાની ક્રિયામાં જાતને લુપ્ત કરી દો છો ત્યારે જ, ખરી રીતે તમે કલ્પનામાં વૈભવનું મહાનમાં મહાન ઉડ્ડયન કરી શકો છો. એ જ ઉડ્ડયન, તમને છેવટે પરમાત્માનું સાન્નિધ્ય દેખાડશે. તમારી આવી રીત જ, તમારા વિશાળ ઉચ્ચ ઉડ્ડયનને સિધ્ધ કરશે.

'એટલા માટે મિત્રો ! આપણે પરમાત્મા વિષે થોડામાં થોડું બોલીએ અને આત્મા વિષે વધારેમાં વધારે જાણીએ; માણસાઇ, એમાં રહી છે. પરમાત્માને કદાચ આપણે ન પણ સમજીએ. પણ માણસ માણસને ન સમજે, એવું બને જ અને-જો પૂરેપૂરા પ્રેમથી પ્રયત્ન કરવામાં આવે તો. એમજ સમજોને કે, જાણે પ્રેમ પોતે પ્રયત્ન કરે છે. એવા પ્રયત્ન થાય તો એટલો નિરવધિ વિશુદ્ધ પ્રેમ હોય તો આવી જાતના પ્રેમપંથમાં લેશ પણ અધુરપ હોય તો થઇ રહ્યું. એટલા માટે કહું છું કે 'પ્રેમ પોતે પ્રયત્ન કરે છે એવો પ્રયત્ન થાય તો.' અને છતાં એક વસ્તુ ઉપરથી તમારું મન ચલિત થવા દેતા નહિ. એ વિષે મનહોર ચૂકતા નહિ.

'આપણામાં આપણામાંના દરેકમાં, જે પરિમલ છે, જે સુગંધ છે, જે પ્રાણ છે એ તો અનંતનીજ એક પ્રસાદકણિકા છે. એટલે કે આપણે જ પોતે પાંદડામાં, ફુલમાં, પંખીમાં, ધરતીની સુગંધમાં, આકાશી હવામાં, પ્રભાતના રંગમાં, જલતરંગમાં મધુરતમ સ્વરોમાં, મુક્તપણે વિહરી રહ્યા છીએ. આપણા પોતાના સિવાય બીજું કાંઇજ નથી.'

# સ્વીકાર અને સમાલોચના

**કુલદીપક**-લે. સૂર્યશિશુ સા. શ્રીમયણાશ્રીજી. પ્ર. પ્રેમચંદ જીવણચંદ મલજી. પ્રાપ્તિ. દીપચંદ જીવણચંદ ઝવેરી, ગોપીપુરા-મોતીપોળ-સુરત. કિં. રૂ. ૩. ફ્રા. ૧૬ પેજી ફારમનો ગ્રંથ છે એક સાધ્વીજી મહારાજશ્રી આ રીતે સળંગ કથા લખે છે અને તેની સાથે તેને બોધક અને રસપ્રદ બનાવે છે તે જૈન સમાજને ગૌરવ લેવા જેવું છે. બીજાં સાધ્વીજી મ.શ્રીઓ પણ તેવું અનુકરણ કરે તો સારું.

**પુષ્પ સુમલય સૌરભ**-લે. પ્ર. ઉપર પ્રમાણે ક્રા. ૧૬ પેજી ૧૨ ફારમનું પુસ્તક વિવિધ-ધાર્મિક વિષયોનાં સંગીત રસસભર ગાયનોથી ભરપૂર છે. કિં. રૂ. ૨-૦૦


રૂા. ૧૦-૦૦ વાર્ષિક લવાજમ ભરી આજેજ ગ્રાહક તરીકે આપનું નામ નોંધાવશો. પોસ્ટ ખર્ચ જુદું.

ઘર, લાયબ્રેરી, ભેટ, લહાણીને યોગ્ય સાહિત્ય

ચાર

વર્ષમાં પુસ્તકોની ચતુર્મુખી ગંગા

વહેવડાવનાર સસ્તી ને સંસ્કારી ગ્રંથમાલા

શ્રી જીવન-મણિ

સદ્વાચનમાળા ટ્રસ્ટ

ન સાવ શુષ્ક સાહિત્ય

ન સાવ અપરસ સાહિત્ય

સર્વરસભર્યું-નીતિબોધભર્યું

ઘર, લાયબ્રેરી, ઇનામ, ભેટને યોગ્ય

રૂપકડું સાહિત્ય

-: લખો :-

શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ

હઠીભાઇની વાડી સામે, દિલ્હી દરવાજા : અમદાવાદ.



# ગંગાના ઓવારેથી

લે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી



મુ. પેથાપુર.

શ્રી પાટણ.

તત્ર વૈરાગ્યાદિ ગુણાલંકૃત મુનિ જીતસાગર યોગ્ય સુખશાતા.

વિ. તમારો પત્ર પહોંચ્યો. ગચ્છોની સમાચારી વગેરે સંબંધી તમોએ ખુલાસા મંગાવ્યા તે નીચે પ્રમાણે જાણશો.

આપણે વ્યવહારથી તપાગચ્છસાગર શાખાના સાધુઓ ગણાઈએ. અંતર નિષ્કામ તપ સંયમ વગેરે સદ્ગુણોનો સમૂહ એજ નિશ્ચય દૃષ્ટિથી અધ્યાત્મગચ્છ છે. વ્યવહારથી વ્યવહાર પ્રમાણે વર્તીએ અને નિશ્ચયમાં નિશ્ચય પ્રમાણે વર્તીએ. ચોરાશીગચ્છના સાધુ વગેરેમાં વ્યવહાર સમકિતની માન્યતામાં કંઈક ક્રિયા બાબતોમાં ભેદ પડે તથા વ્યવહાર સમાચારીમાં ભેદ પડે તેથી નિશ્ચય સમકિત અને નિશ્ચય અધ્યાત્મ ચરિત્રમાં ભેદ પડતો નથી. તેથી સમભાવ પ્રાપ્ત થતાં અને સાપેક્ષ ચારિત્રદૃષ્ટિ છતાં ચોરાશી ગચ્છોમાં આરાધકતત્ત્વ અને મુક્તિત્વ પ્રાપ્ત થઈ શકે છે.

તપાગચ્છથી ભિન્ન સમાચારીવાળા ખરતરાદિક ગચ્છોના સાધુઓ સાથે સમાચારી ભેદે ક્લેશ વિરોધ કે દ્રોહ બુદ્ધિ ધારણ ન કરવી. તથા તેઓ સાથે આત્મભાવે વર્તવું. મંતવ્યભેદની ચર્ચા ન કરવી. છાપાઓમાં તેની તકરાર ન ઉઠાવવી. અમુક સારી માન્યતાવાળા અને અમુક જૂઠી માન્યતાવાળા એવું વિચારવું પણ નહિ. તપાગચ્છની વ્યવહાર સમાચારી પ્રમાણે વર્તવું અને તે દ્વારા આત્મશુદ્ધિ કરવી. ખરતરાદિ ગચ્છીય સાધુઓની પણ સ્વમાન્યતાની પ્રવૃત્તિ દ્વારા મનની શુદ્ધિ થતાં આત્મોન્નતિ મુક્તિ થાય છે.

ભિન્ન ક્રિયાઓ છતાં આત્મશુદ્ધિનું લક્ષ્ય તો એકજ છે. જે જે ગચ્છોના પૂર્વાચાર્યોએ ઉત્તમ ગ્રંથો લખ્યાં હોય તેની અનુમોદના કરવી અને આગમોમાં જ્યાં મતભેદ જેવું દેખાય ત્યાં કેવલજ્ઞાની ઉપર ભલામણ કરી મધ્યસ્થ રહેવું. ઢુંઢીયા અને દીગંબરીઓ સાથે પણ જે જે સમાન બાબતો હોય તેમાં ઐક્ય ધારવું અને ભિન્ન માન્યતાઓ જ્યાં પડે ત્યાં ક્લેશ ભેદની ઉદીરણા ન કરવી. તેઓની સાથે જેમ મૈત્રીભાવ વધે તેમ વર્તવું તથા એવો ઉપદેશ દેવો. ગમે તે ગચ્છવાળા સૂરિ સાધુ વગેરેના સમાગમમાં આવતાં મૈત્રીભાવથી વર્તવું તથા પરસ્પર મધ્યસ્થભાવ વધે તેમ વર્તવું.

નિશ્ચય સમ્યક્ત્વ તથા નિશ્ચય ચારિત્ર દશામાં આવતાં શ્વેતાંબર અને દિગંબર આદિ ગમે તેમાં વ્યવહારથી વર્તતા છતાં મુક્તિ થાય છે. તેમજ વ્યવહાર ચારિત્ર તથા શાસ્ત્ર માન્યતાના ભેદો છતાં અંતરમાં શુદ્ધોપયોગ હોય છે તો મુક્તિ થયા વિના રહેતી નથી. બાહ્યની ક્રિયાદિ માન્યતાના વિચારોમાં તો ભુત વર્તમાન અને ભવિષ્યમાં ભેદ રહેવાના જ. તેથી આત્મશુદ્ધિમાં આત્મપયોગીને વ્યવહારથી વર્તતાં ખામી આવતી નથી એમ નિશ્ચતઃ જાણ.

ભિન્નગચ્છીય શ્રાવકોને આપણા ગચ્છમાં લાવવાના પ્રયત્ન કરતાં તેઓ વ્યવહારથી તેમના

વ્યાવહારિક ગચ્છમાં રહીને આત્મજ્ઞાનથી આત્મશુદ્ધિ કરે અને સર્વગચ્છીય સાધુઓની સેવાભક્તિમાં ઉપયોગી અને તેવો ઉપદેશ દેવો કે જેથી અન્ય-ગચ્છીય શ્રાવકોનું ભલું થાય.

પર્યુષણાદિ પર્વભેદ માટે લખ્યું તે જાણ્યું. તપાગચ્છની માન્યતા પ્રમાણે પર્યુષણ કરે અને ખરતરાદિ ગચ્છવાળા તેમની માન્યતા પ્રમાણે કરે પણ બન્ને આત્મશુદ્ધિ થાય એવી સાધ્યબુદ્ધિથી વર્તે તો ભિન્ન દિવસે પર્વ છતાં નિશ્ચયથી આત્મ-શુદ્ધિમાં હરકત આવતી નથી.

**ગમે તે દિવસે પર્વ કરી આત્મશુદ્ધિ કરવી એજ સર્વ પર્વનો ઉદ્દેશ છે.**

ચોથના દિવસે પણ ધર્મક્રિયાથી આત્મશુદ્ધિ થાય છે અને પંચમીના દિવસે પણ ધર્મક્રિયા કરતાં આત્મપયોગે વર્તતાં આત્મશુદ્ધિ થાય છે. વર્ષના ત્રણસો સાઠ રાત્રિદિવસમાં ગમે તે રાત્રિદિવસમાં ધર્મધ્યાનથી અને શુક્લ ધ્યાનથી આત્માની શુદ્ધિ થાય છે માટે તિથિ પર્વ દિવસ ક્રિયાદિ ભેદ છતાં આત્મપયોગરૂપ સાધ્ય તરફ લક્ષ રાખી અભેદ ભાવે વર્તવું. અને પરસ્પર ક્લેશની ઉદીરણા કરવા મન વાણી કાયાનો વ્યાપાર ન કરવો.

બાહ્ય ભેદોની મત માન્યતાઓ તો રૂપાંતરે ભવિષ્યમાં પણ ગમે તે રીતે પ્રગટ થશે અને તેમાં બાલજીવોને ભેદથી ક્લેશ થવાના પણ જેઓ અધ્યાત્મજ્ઞાન પામશે તેઓને મધ્યસ્થભાવ અને આત્મભાવ વર્તશે અને તેઓ ગચ્છાદિક વ્યવહાર સમાચારીને પણ નિમિત્તહેતુ જાણી આત્મહિતાર્થે તથા સંઘહિતાર્થે નિર્લેપભાવે સેવશે.

અન્ય દર્શનીઓ સાથે પણ ચાર ભાવનાથી વર્તવું. તેઓમાં કોઇ કોઇ નિશ્ચય સમ્યક્ત્વ ચારિત્રને સ્પર્શી કેવલ જ્ઞાન પામ્યા અને પામશે. અન્ય ધર્મીઓ સાથે શુદ્ધ પ્રેમથી વર્તવું પણ લક્ષ્ય ચૂકવું નહિ તથા જૈનધર્મથી ભ્રષ્ટ ન થાય એવાઓને અન્ય ધર્માચાર્યોના પ્રસંગમાં આવવું. જૈન શાસ્ત્રોના પૂર્ણ અભ્યાસી ગીતાર્થ સાધુને સર્વ બાબતમાં સ્વતંત્રતાની યોગ્યતા ઘટે છે.

મનની શુદ્ધિ કરવા માટે ક્રિયા હોય છે. જેમાં રસ પડે છે એવું ધર્માનુષ્ઠાન વિશેષતઃ ઉપ-યોગી બને છે. ભિન્નભિન્ન રૂચિવાળા જીવો હોય છે. તેથી તેઓની રૂચિ ભેદે તેઓની શુદ્ધિ માટે ભિન્ન ભિન્ન યોગધર્માનુષ્ઠાનો હોય છે. જેને જે વિશેષ રૂચે તે કરવું જોઇએ તેમાં ખેંચતાણની કંઇ જરૂર નથી. ધર્મના સર્વ અંગોની ઉપયોગિતા ભિન્નભિન્ન જીવોના ભિન્ન ભિન્ન રૂચિભેદ અધિકારે અનુભવવી. અસંખ્ય યોગથ આત્મશુદ્ધિ કરવી એજ લક્ષ્ય સર્વ માટે છે.

ઉપદેશમાં અને લેખમાં સર્વગચ્છીય જૈનોનુ ઐક્ય વધે એવું ખાસ લક્ષ્ય રાખવું. આત્મજ્ઞાનથી સર્વ જીવો સાથે એકાત્મભાવ વધે અને મન વાણી કાયાની શુદ્ધિ સાથે ખરેખરી આત્મશુદ્ધિ થાય છે. એકાત્મભાવથી શુદ્ધ અહિંસા ભાવ વધે છે. પ્રભુ મહાવીર દેવ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી. જૈન સાધુ-ઓનો નાશ થાય તેવો ઉત્કૃષ્ટાચાર ન પ્રરૂપવો. દ્રવ્ય ક્ષેત્ર કાલાનુસારે સાધુઓ આચાર પાળી શકે અને આત્મશુદ્ધિ કરે એવી પ્રભુ મહાવીરની આજ્ઞા છે. અને આપણો આત્મા તે પણ તેમ પ્રકાશે છે. તત્ત્વો ફરે નહિ પણ દેશાનુકાળે સાધુઓના આચ-રણમાં ફેરફાર થાય છે તેવું સર્વદર્શનીય સાધુઓની પ્રવૃત્તિથી પણ દેખાય છે. આગમમાં કથેલા સાધુઓના બાહ્ય વસ્ત્રાદિક આચારોમાં અને હાલના આચારોમાં ભેદ પડવાનો તેથી દ્રવ્યક્ષેત્ર કાલભાવથી જે સાધુપણું પળાય છે તેમાં આરાધકપણું છે એમ જે જાણે છે અને વર્તે છે તે આરાધક છે અને તે ગુરૂભક્ત તથા સંઘભક્ત છે. પરસ્પર ગચ્છના વિચારાચાર ભેદથી ઉદાસીન બનેલા શ્રાવકોને ગચ્છોની સાપેક્ષ દ્રષ્ટિએ ઉપયોગિતા બતાવવી અને આત્માની શુદ્ધિ થાય તેવો ઉપદેશ દેવો.

**વ્યવહારથી કંચન કામિનીના ત્યાગી અને વ્યવહારથી જૈનધર્મી એવા સાધુઓ જ્યાં સુધી આત્મશુદ્ધિ કરતા કરાવતા વર્તશે ત્યાં સુધી જૈન સંઘ જીવતો રહેશે. સાધુઓ પર અરૂચિ ખેદભાવ તેજ જૈન સંઘની**

# ગાતાં ફૂલ....

લેખક
વિમર્શ

( ૧ )

આજ મારા અહંકારનો ચૂરેચૂરો થઇ ગયો. હું, મને સંસારનો સર્વશ્રેષ્ઠ, સિધ્ધહસ્ત અને અદ્વિતીય ચિત્રકાર માનતો હતો. જગત તેનો સ્વીકાર પણ કરતું હતું.

પણ આજ ?

આજ મારા એ ગુમાનનો ભુક્કો ઊડી ગયો !

પરણ્યાની પહેલી રાતે નવવધૂ જેમ એના પ્રિયતમની રાહ જોતી મનમાં અનેક રંગબેરંગી કલ્પના ચિત્રો ચિતરે છે એટલી જ, બલ્કે તેથી ય વધુ મગ્નતાથી ઊંડા ભાવથી હું તેની છબિ દોરી રહ્યો હતો.

રાત્રિના નિરવ એકાંતમાં, ઝળહળતા વિજળીના પ્રકાશમાં હું જડ રેખાઓમાં તેની સજીવ છબિ ઉતારી રહ્યો હતો.

મેં પેન્સીલના આડાઅવળા લીટા દોર્યા. થોડા નિશાન કર્યા. મનમાં એનું જ ધ્યાન હતું અને હાથ કામ કરે જતા હતા.

તેનો એ વિશાળ ભાલ પ્રદેશ, કમળનયની આંખો, અણીયાળુ નાક, ભરાવદાર માંસલ ગાલ, નાજુક હોઠ, વિશાળ છાતી ને પહોળા સ્કંધ, આજાન બાહુ હાથ, સ્નાયુબદ્ધ પગ ને પદ્મચરણ

---

( અનુસંધાન પાન ૮ નું અધુરૂં )

**પડતીનું કારણ છે. જૈન ચતુર્વિધ સંઘની ઉન્નતિમાં "એકતા"ની ખાસ જરૂર છે.**

આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી ક્રિયાભેદ માન્યતાઓમાં રાગદ્વેષ પ્રગટતો નથી અને આત્મશુધ્ધિ માટે શુધ્ધોપયોગ વર્તે છે. આત્મશુધ્ધિ માટે મન વાણી કાયાની શુધ્ધિની જરૂર છે. ગુરૂની સેવાભક્તિથી સર્વ પ્રકારની શુધ્ધિ પ્રગટે છે. આત્માનો સત્યાનુભવ કરવા માટે સદ્ગુરૂને સર્વસ્વાર્પણ કરીને ગુરૂમાં મન રાખી જે કંઇ કરવું હોય તે કરવું. આત્મ સામ્રાજ્ય પ્રગટાવવાને ગુરૂની આજ્ઞામાં રહેવું અને તે કહે તેમ કરવું. એવી શ્રધ્ધા પ્રીતિવાળા શિષ્યોને મુક્તિની પ્રાપ્તિ થાય છે. અલ્પકાળમાં તેઓ પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે. ગુરૂની સેવાભક્તિમાં જ અસંખ્ય યોગોની આરાધના છે. એવા પૂર્ણ નિશ્ચય વિના કોઇની સિદ્ધિ થતી નથી. સર્વ પ્રકારની પ્રવૃત્તિ કરતાં ક્ષણે ક્ષણે મુખથી ગુરૂ નામનો જાપ કરવો કે જેથી વારંવાર ગુરૂભક્તિથી આત્મોપયોગ કાયમ રહે. આત્મા દેવ અને ગુરૂ છે પણ આત્માને ગુરૂ અને દેવરૂપ કરવા માટે ઉપકારી ગુરૂમાં પરમાત્મભાવ ધારવો કે જેથી આત્મા તેજ પરમાત્મારૂપે વ્યક્ત થાય.

તારું શરીર ઘણું ક્ષીણ થએલું છે. મરણ તો પાસે જ છે એમ માનીને આત્માની શુધ્ધિ કરવા અપ્રમત્તભાવે વર્તવું. શરીર સંબંધી સમાચાર જણાવતા રહેશો. ક્ષણે ક્ષણે મહાવીર દેવનું સ્મરણ કર્યા કરશો.

અલ્પકાળમાં આત્માની શુધ્ધિ કરી લેવી. એજ. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો.

એના એ તમામ અંગઉપાંગ મેં એ કાળી કાળી રેખાઓમાં ઉતારી લીધાં.

એની ચામડીના રંગ જેવો જ રંગ મેં બનાવ્યો, અને પીંછીના આછા લસરકાથી મેં એ રેખાઓમાં એની મૂર્તિ ઊભી કરી દીધી ! !

છબી પૂરી થઇ ગઇ !

પ્રિયતમના મિલનથી પ્રેયસી નાચી ઊઠે તેમ હું નાચી ઊઠ્યો.

ઘડી થઇ ગયું, એની એ સજીવ મૂર્તિ જોઇ, સાચી તો એની આ જ છબિ. એની આબેહૂબ, સાદ્યંત અપ્રતિહત પ્રતિમા મેં કાગળના નિર્જીવ ટૂકડામાં ચિતરી હતી.

હું જોઇ જ રહ્યો. અમિનેષ નજરે અપલક આંખે, હું જોતો જ રહ્યો.

પરંતુ જેમ જેમ હું જોતો ગયો તેમ તેમ તો હું નિરાશ થતો ગયો. મેં જોયું કે છબિમાં કંઇક ખૂટે છે, કશુંક એવું રહી ગયું છે જેથી છબિ અધૂરી લાગે છે.

મેં ધ્યાન દઇને છબિ જોવા માંડી. એની યાદને સંકોરી મેં એ છબિને જોયા કરી.

અને મારું મન બોલી ઊઠ્યું : "ના, એની આ છબિ નથી, એ આવો નહતો, અજાણતાં જ એ તો તેં તારી જ છબિ દોરી છે."

અંતરનું એ દર્શન કેટલું સ્પષ્ટ ને સૂક્ષ્મ હતું !

હા, એની આંખોમાં જે પ્રેમનો સાગર ઘૂઘવતો હતો તે તો છબિમાં હતો જ નહિ !...

તેના હોઠ પર સદાય રમતું પેલું નિખાલસ નિર્મળ સ્મિત પણ નહતું.

એના અંગેઅંગમાંથી ઊઠતા પેલી દિવ્ય કાંતિના દેદીપ્યમાન કિરણો તો હું ચિત્રમાં દોરી જ નહોતો શક્યો !...

મેં તેના સ્થૂળ દેહની છબિ દોરી હતી. તેના ભિતરનું સૌન્દર્ય તો હું જરાય નહોતો ચિતરી શક્યો !...

તેના અંતરમાં નિરંતર વહેતો પેલો કરુણાનો નિનાદ, તેની ખૂલ્લી હથેલીમાંથી ઊઠતો અભય, એના પગમાંથી પડકાર કરતી પેલી સ્વસ્થતા, જગતના તમામ ઝેરને એક ઘૂંટડે ઉતારી જતી તેની પેલી નિર્વૈર અરદન– એ કશું જ, કશું જ હું એ કાળી કાળી રેખાઓ ને રંગબેરંગી પાણીમાં ન ઝીલી શક્યો.

મેં તો માત્ર તેના હાડકાંની જ છબિ દોરી હતી. તેમાં ક્યાંય તેના આતમાની તાસીર ન હતી !

અને સાચી, સંપૂર્ણ છબિ તો તેની એ જ હતી ને ?

પણ હું એ ન ચિતરી શક્યો ! ! !

ત્યારે મારા અહંકારનો ચૂરેચૂરો થઇ ગયો !

મારી પેન્સીલ ને પીંછી પાછા પડયાં ! એ સાવ હારી ગયાં ! !...

સાચે જ, આજ મારા એ ગુમાનનો ભુક્કો ઊડી ગયો !...

( ૨ )

પ્રિયે !

તારા દરબારમાં આજ હું ઉપહાર લઇને આવ્યો છું. જોજે, અસ્વિકાર ન કરીશ હોં મારા દેવતા !

મારા આખાય જીવનની ખસ એ એક જ મૂડી છે, અને તે હું તારા ચરણે ધરવા આવ્યો છું.

તારા એ પાદપદ્મમાં ધરવા હું મોતીનો થાળ લઇને આવ્યો છું.

પણ પ્રાણેશ ! મારાં એ મોતી ઝવેરીની દુકાને સિક્કાના મૂલે તોલાતાં જડ મોતી નથી.

એ મોતી તો મેં મારા હૃદયસાગરના અતલ ઊંડાણેથી, વેદનાનું કાળજું ચીરીને કાઢેલાં મોતી છે.

હા, સંસાર તેને આંસુ કહે છે. પણ જીવિતેશ ! મારી જિંદગીનાં તો એ મહામૂલાં મોતી છે.

આયખું આખું ખર્ચીને, મરજીવા બની મેં એ બધાં મોતી ભેગાં કર્યાં છે.

અસહ્ય ગરીબાઇ, ભયંકર અવહેલના, જંગલી વાસના, ભગ્ન પ્રણય, અનંત એકલતા, સનાતન વિરહ, નિર્દય અત્યાચાર ને અનાચાર જેવી અનેક વેદના અને સંવેદનાઓને ચીરીને એ મબલખ મોતી મેં એકઠાં કર્યાં છે. તેથી જ તો હું કહું છું, દેવતા ! મારા, મારા હૃદયસાગરના એ અણમોલ માણેક છે.

પણી કાળજીથી, રાતના ઉજાગરા વેઠી, દિવસના સતત પરિશ્રમ કરી મેં એ મોતીનો સંગ્રહ કર્યો છે !

આજ સુધી મારી ભીખારી જિંદગીની શરમથી હું તારી પાસે એ લઇને ન આવી શક્યો. પણ જ્યારે આજ જઉં છું, સદાય માટે વિલીન થઇ જઉં છું ત્યારે મને થયું; લાવ, મારી ભવકમાણી તારા ચરણે ધરતો જાઉં......

પ્રિયે !

તારા દરબારમાં આજ હું ઉપહાર લઇને આવ્યો છું.

જોજે, મુજ ગરીબના એ તુચ્છ ઉપહારનો અસ્વીકાર ન કરીશ હોં મ રા દેવતા...!

( ૩ )

તારી એ ઉદારતા છે. સજ્જનતા છે કે તું મને ઘણીવાર કહે છે :– 'માગ માગ, તે આપું.'

પણ દેવતા ! મારા, મેં તને કેટલીવાર કીધું છે. હું ગરીબ છું, પણ ભિખારી નથી. મને જે જોઇશે તે હું મહેનતથી મેળવી લઇશ, અને તેમ કરતાંય જો તે નહિ મળે તો તને ગાળ નહિ દઉં. એ તારો આશીર્વાદ સમજી, તારી જ એ ભેટ છે તેમ માની એ નિષ્ફળતા, એ દુઃખ સૌને હસતા મોંએ વધાવી લઇશ.

અને જો ખરેખર તારે આપવું જ છે, તો બસ, તું મારો બનીજા.

એમ કહી મેં તેની મૂર્તિ સામે જોયું.

પણ આશ્ચર્ય !!

દેવાલયમાં મૂર્તિ જ નહતી !!!

ત્યાં મને કોઇ હસતું હોય તેવું લાગ્યું.

મેં ચારે તરફ નજર નાંખી. પણ કોઇજ ત્યાં નહતું. હું હતો અને ખાલી મંદિર હતું !...

તો એ કોણ હસતું હતું ? ક્યાં હસતું હતું ? હાસ્યનો પડઘો તો હજુય સંભળાતો હતો.

હું ગભરાઇ ગયો. મેં આંખો મીંચી દીધી.

ઓહ ! જે હસતો હતો તે તો મારી અંદર જ હતો. હોઠ તો બીડાયેલા હતા પણ ભીતરમાં એ હસી રહ્યો હતો.

અને હું એ આનંદના આવેશમાં બોલી ઊઠયો:

દેવતા ! મારા, તારી આગળ તો હું રંક છું. ભિખારી છું. આજ તારી આગળ હાથ ધરું છું. મને થોડી ભીખ દે

હું માંગુ છું. જેમ રીતે તું આજ મારા હૃદય મંદિરમાં બેસી હસી રહ્યો છે અને મારી જિંદગીની રખેવાળી કરી રહ્યો છે. બસ, એવો જ તું મારો જીવન રખેવાળ છે અને તું મારામાં છે એવું ભાન મને સદાય રહેવા દેજે, રહેવા દેજે !...

---

**આગામી અષ્ટગ્રહ સંયોગે વિશ્વ શાંતિ માટે અવશ્ય નીચે મુજબ આરાધના કરવી.**

જાન્યુઆરી ૧૯૬૨ની શરૂઆતમાં આયંબીલ તપની મહાન તપસ્યા.

શ્રી પંચપરમેષ્ઠિ, નવકારમંત્ર, તેમજ ઉવસગ્ગહરમ્‌નાં અખંડ જાપ.

શુદ્ધ બ્રહ્મચર્ય પાલન સદાચરણ જે હંમેશા માનવમાત્રને જરૂરી છે, તેનું વધુને વધુ પાલન.

વિશ્વ શાંતિ માટે એકાગ્રચિત્તથી પ્રાર્થના.

શાસનરક્ષક, સૌરક્ષક, દેવ–દેવીની સજાગ પ્રકારે આરાધના.

---

**મંગાવો :—**

શાંતિસ્નાત્ર માટે જરૂરી ચીજોની છાપેલી યાદી પોસ્ટ ખર્ચ માટે નવા આઠ પૈસાની ટીકીટ બીડવાથી મફત મોકલાશે.

**ઇન્દુલાલ મગનલાલ પાલેજવાળા**
રાધનપુરી બજાર **ભાવનગર–૧**

# વાંચકો લખે છે.........

('બુધ્ધિપ્રભા' વિષેના વાચકોના અભિપ્રાય આ કટારમાં હવેથી પ્રગટ થશે. દરેકને લાભ લેવા નિમંત્રણ છે.
—તંત્રીઓ.)

કલ્યાણુથી બુધ્ધિપ્રભાના એક જિજ્ઞાસુ વાચક તા. ૩૦-૯-૬૧ ના પત્રમાં લખે છે:-

(૧) બુધ્ધિપ્રભા મને પસંદ છે કારણ કે તે સિવાય બીજો એકે ધાર્મિક અંક મને વાંચવા મળતો નથી. તથા તેમાં શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજીના લેખો મને વધારે પસંદ છે. ચિંતન કણિકાઓ મને ખરૂં જૈન દર્શન આપે છે. આ બે મુખ્ય પસંદ હોવાથી મને બુધ્ધિપ્રભા વધારે પસંદ પડયું છે.

(૨) 'બુધ્ધિપ્રભા'માં શ્રીમદ્જીનું સાહિત્ય દળદાર રાખો તે યોગ્ય છે અને તેમના સાહિત્યનો વિપુલ પ્રવાહ વહેવડાવવો એ મને વધારે ગમે છે.

મને આશા છે કે જેમ બને તેમ શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજીનું સાહિત્ય વધારે આવશે.

ભાવનગરથી તા. ૫-૧૦-૬૧ના પત્રમાં લખતાં શ્રી ધરમચંદ હરગોવિંદદાસ જણાવે છે:—

બુધ્ધિપ્રભામાં લેખો બહુ સુંદર આવે છે અને તે પ્રશંસનીય છે. અને તેમાં ચિંતન કણિકાઓ બહુ વિચારણીય આવે છે.

તા. ૩૦-૯-૬૧ના પત્રમાં આણંદથી શ્રી શાંતિલાલ મોહનલાલ લખે છે:-

તમારા પૂછાવેલા સવાલોના જવાબમાં લખવાનું કે કોઇપણ લેખ તદ્દન સારા નથી કારણ કે વાચનારને કોઇપણ રસ ઉપજે તેવો નથી. આજનો જમાનો શું માંગે છે તે તદ્દન સમજ્યા વિના લેખો તમે લખો છો. અત્યારના વાચકો કયું સાહિત્ય માંગે છે તે વિચારીને છાપવું જોઇએ. આના કરતાં દરેક મહાપુરૂષના જીવનચરિત્રની પુસ્તિકાઓ છપાવી દરેક સ્ટેશને તે સસ્તુ સાહિત્ય વંચાય તેવું થાય તો ઘણું જ ઉત્તમ થાય.

(ભાઇશ્રી તમને પોતાને વાંચવો ગમે તેવો લેખ વ. મોકલશો તો અમે જરૂરથી તેમાંથી પ્રેરણા લઇ તેવા લેખો છાપીશું. તંત્રીઓ.)

વધુ આવતા અંકે.

આપના જવાબો જરૂર મોકલો.

ગોલવડ તા. ૧૭-૮-૬૧

શ્રી માનદ્ તંત્રીવર્યો સાહેબ,
બુધ્ધિપ્રભા કાર્યાલય.

આપનું માસિક વાંચ્યું, ખરેખર ઓછા લવાજમમાં સુંદર વાનગી પીરસતું સસ્તાં માંઠમાં માસિકોમાં અગ્રસ્થાને છે. બોરડી-ગોલવડ ગામ બંન્ને પાસે છે. લગભગ ૭૦ થી ૮૦ જૈનોનાં ઘર છે. અહીં માસિકના પ્રચાર માટે ઇચ્છા છે. તો એ માટેના તમારા નિયમો તેમજ બીજું માર્ગદર્શન પત્રદ્વારા તુરતજ આપશો. કુપન વીગેરેની વ્યવસ્થા હોય તો જરૂરથી નીચેના સરનામે મોકલશો ફરીથી આપને અભિનંદન આપી આપનું માસિક દિન પ્રતિદીન પ્રગતિ પામો. સમાજમાં પેસી ગયેલ સડો દૂર કરવા માટે વિશેષ પ્રયત્નશીલ બનો એવી અભિલાષા.

આપનો નમ્ર
શ્રી માણેકલાલ ઝવેરચંદના પ્રણામ
ગોલવડ. જી. થાણા. (વે. રેલ્વે.)

---

## માનવંતા વાંચકવર્યોને પ્રાર્થના:—

પ્રેસ વિ૦ સગવડોની તકલીફના કારણે અંક અનિયમિત આપવા બદલ ક્ષમા ચાહીએ છીએ.

દિવાળી અંક ડબ્બલ આવ્યા હોય તેઓએ કાર્યાલયને પાછા મોકલી આપવા મે. કરવી.

અંક ન મળ્યા હોય તેમણે સત્વરે મંગાવી લેવા કાર્યાલયનું ધ્યાન ખેંચવું.

# ઈંદ્રિય નિગ્રહ

લેખક : શ્રી જે. પી. અમીન
અધ્યાપક; શ્રી ર. પા. આર્ટસ કોલેજ–ખંભાત

(ઈંદ્રિયનિગ્રહને લગતો આ લેખ વાંચકોને ખાસ ચિંતન અને મનન કરવા જેવો છે–જીવનમાં અતિ ઉપયોગી થાય તેમ છે. લેખક મહાશય-રજની આર્ટસ કોલેજ ખંભાતના અનુભવી પ્રધ્યાપક-પ્રોફેસર છે. ઈંદ્રિયોને કાબૂમાં લાવવા માટે ઇંદ્રિયોના વિષયોને તિરસ્કારવા કરતાં આત્માભિમુખ થવાથી આપોઆપ છુટી જાય છે એ બાબતને લેખકે ખૂબ મનનપૂર્વક આલેખી છે. **—તંત્રીઓ**)

'વિદુરનીતિ'નું વાક્ય યાદ આવે છેઃ—

**अनर्थमर्थतः पश्यन्नर्थं चैवाप्यनर्थतः ।**
**इन्द्रियैरजितैर्बालः सुदुःखं मन्यते सुखम् ॥**

જે પુરૂષ ઇન્દ્રિયોને વશમાં રાખી શકતો નથી તે અનર્થને અર્થ, અર્થને અનર્થ અને દુઃખને સુખ સમજે છે.

જ્યાં સુધી ઇન્દ્રિયોનું દમન નહિ થાય ત્યાં સુધી અધર્મથી બચવું બહુ મુશ્કેલ છે. માટે સુખ અને શાન્તિ ઇચ્છનાર પ્રત્યેક સ્ત્રી–પુરુષોએ ઇન્દ્રિયોને વશ કરવી જ જોઇએ.

એક એક વિષયની આસક્તિથી કેવી રીતે નાશ થાય છે તેને માટે એક પ્રચલિત દૃષ્ટાન્ત છે.

**कुरंगमातंगपतंगभृंगमीना हताः पंचभिरेव पंच ।**
**एकः प्रमादी स कथं हतो न यः सेवते पंचभिरेव पंच ॥**

હરણ, હાથી, પતંગ, માછલું અને ભ્રમર એ પાંચ પોતાની એક જ ઇન્દ્રિય વશ ન હોવાથી નાશ પામે છે તો જેનની પાંચે ઇન્દ્રિય વશ ન હોય તે કેમ નાશ ન પામે.

અહીંયાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ– એમાંના એક પણ ઇન્દ્રિયના ગુણ–ધર્મના સેવનથી કેવી કરુણતાથી જીવનનો અંત આવે છે, તે સમજાવવામાં આવ્યું છે.

શબ્દ–હરણને વીણાનો સુર બહુ પ્યારો લાગે છે. શિકારી લોકો જંગલમાં જઈ મીઠા સુરથી વીણા વગાડે છે. વીણાનો સુર સાંભળતાં જ હરણો ચારે તરફથી શિકારીની આસપાસ ભેગા થાય છે અને વીણાના સુરમાં તન્મય થઈ જાય છે ત્યારે એ અવસ્થામાં શિકારી તેને તીરથી મારી નાખે છે; એ એક કર્ણેન્દ્રિયમાં આસક્ત થવાનું ફળ છે!

સ્પર્શ–હાથીઓને પકડનાર લોકો ઊંડા ખાડા ઉપર પાતળા વાંસડાઓ મૂકી તે પર માટી પાથરી દે છે અને તેના ઉપર કાગળની બનાવટી હાથણી ઉભી કરી મુકે છે. હાથી કામમદથી મતવાળો થઈને તેને સ્પર્શ કરવાને દોડે છે ત્યારે પેલા પાતળા વાંસડા તેના ભારથી ખાડામાં બેસી જાય છે અને હાથી ઊંડા ખાડામાં સપડાઇ જાય છે ત્યારે તેને મજબુત સાંકળથી બાંધી દેવામાં આવે છે. વનમાં

નિર્ભય વિચરનાર બળવાન ગજરાજ એક સ્પર્શ ઇન્દ્રિયના વિષયમાં આસક્ત થવાથી સહજમાં બંધાય છે !

રૂપ—દીપકની જ્યોતિને જોઇને પતંગ મોહિત થઇ જાય છે. હજારો પતંગ એવી રીતે મરે છે; તેને એ નિહાળે છે પરંતુ રૂપની આસક્તિ તેને દીપકના તરફ આકર્ષણ કરે છે અને તે પણ દીપકમાં બળીને પ્રાણ ખોવે છે !

રસ—જીભના સ્વાદના કારણે માછલી જળથી વિખુટી થઇ મરે છે. માછલી પકડનાર લોકો માછલી પકડવાના લોઢાના કાંટામાં માંસનો ટુકડો અથવા લોટની ગોળી લગાવી રાખે છે. માછલી તેનો રસ ચાખવા મતવાળી થઇ દોડે છે અને લોઢાના કાંટામાં મોઢું લગાવે છે, ત્યારે માછીમાર દોરીથી જોરથી આંચકો લગાવે છે જેથી કાંટો માછલીના મુખમાં પેસી જાય છે અને તે પોતાનો પ્રાણ ગુમાવે છે !

ગંધ—ભ્રમર સુગંધના બહુ લોભી હોય છે તે કમળમાં જઇને બેસી જાય છે અને તેની સુગંધમાં આસક્ત થઇને બધી સુધબુધ ભૂલી જાય છે. સૂર્યાસ્ત થયા પછી જ્યારે કમળનું મુખ બંધ થઇ જાય છે ત્યારે ભ્રમર તેમાં કેદ થાય છે. જે ભ્રમર મજબુતથી મજબુત લાકડામાં છેદ કરી શકે છે, તે જ પોતે સુગંધની આસક્તિના લીધે કમળની કોમળ પાંખડીઓને કોતરી બહાર નીકળવામાં સમર્થ થતો નથી. રાતના હાથી આવીને કમળને ચૂંટી લ્યે છે. તેના દાંતોમાં કમળની સાથે ભ્રમર પણ પીસાઇ જાય છે. એ દશા એક નાસિકાના વિષયમાં આસક્ત થવાથી થાય છે !

આ પ્રમાણે પાંચ વિષયમાંથી એક પણ વિષયમાં આસક્ત થવાથી હીન સ્થિતિ પ્રાપ્ત થાય છે. પણ ઇન્દ્રિયોનો આપણી પાસે રહેવાની અને જ્યાં સુધી ઇન્દ્રિયો છે ત્યાં ઇન્દ્રિયોનું કાર્ય વિષયોને ગ્રહણ કરવાનું છે. જ્યાં સુધી ઇન્દ્રિયો છે ત્યાં સુધી એ કાર્ય બરાબર ચાલે છે એટલે વિવેક-બુદ્ધિથી ઇન્દ્રિયોનો સદુપયોગ કરવો જોઇએ. જેમ અગ્નિનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો તેનાથી ભોજન બને છે, શીત નિવારણ થાય છે અને રોગનાં પરમાણુઓ નાશ પામે છે. પણ તેનો દુરુપયોગ કરવાથી શરીરનાં અંગ અને ઘરબાર બધું બળી જાય. આમ અગ્નિ કંઇ ખરાબ વસ્તુ નથી પણ તેનો દુરુપયોગ ખરાબ છે. ઇન્દ્રિયોની પણ આજ સ્થિતિ છે. માટે ઇન્દ્રિયોના ગુલામ ન બની તેને પોતાના વશમાં રાખવી જોઇએ. સાધારણ પ્રયત્નથી ઇન્દ્રિયોનો સંયમ કરવો કઠીન છે. જે લોકો ઇન્દ્રિયોનો સંયમ કરવાનો પ્રયત્ન કરે છે, તે જ એ સમજી શકે છે કે, ઇન્દ્રિયોનો પ્રબળ પ્રવાહ કેટલો છે. જે લોકો ઇન્દ્રિયોનો સંયમ કરતા નથી તેને એના વેગનું જ્ઞાન શી રીતે થઇ શકે? પ્રવાહમાં વહેવાવાળાને પ્રવાહના વેગની ખબર હોતી નથી, પરંતુ પ્રવાહને રોકનારને જ તેનું જ્ઞાન થઇ શકે છે.

સાધારણ મનુષ્ય સમજે છે કે વિષયોને આપણી પાસે ન રાખવાથી, અર્થાત વિષયોના ભોગ ન ભોગવવાથી ઇન્દ્રિયોનો સંયમ થઇ શકે છે પરંતુ એ ભ્રમ છે. અન્નનો ભોગ કરવો એ રસનાનો વિષય છે. કોઇ મનુષ્ય ઉપવાસ કરે છે, તેના ઉપવાસ કરવાથી અન્ન તેનાથી દૂર રહે છે, પરંતુ અન્નની વાસના મનમાં બની રહે છે. દરેક ઇન્દ્રિયનો ઉપવાસ કરવાવાળાના વિષયમાં એ જ રહસ્ય છે. વિષયોથી દૂર દૂર રહેવાથી વિષય દૂર દૂર જાય છે પરંતુ તેના રસના વિષયમાં મનમાં પ્રીતિ બની રહે છે. આ પણ રાગને—ભોગ ભોગવવાની આસક્તિને પણ જે દુર કરી શકે તે સાચો સંયમી અને જ્ઞાની. ગીતાકારે સાચું કહ્યું છેઃ—

**विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।**
**रसवर्ज रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥५९॥**

ભગવદ ગીતા અધ્યા. ૨

વિષયોને ગ્રહણ ન કરનાર દેહાભિમાનીના વિષયો નિવૃત્ત થઇ જાય છે પરંતુ રાગ—તેની આસક્તિ જતી નથી. પણ આત્માનો સાક્ષાત્કાર કરવાથી આ રાગ પણ જતો રહે છે. પરમ તત્વનો સાક્ષાત્કાર થતાં જ તેને પરમ અમૃત રસનો આસ્વાદ

મળવાથી વિષયોના ક્ષુદ્ર રસોની લાલસાથી તે સદાને માટે મુક્ત થાય છે.

મનુષ્યની ભોગ શક્તિ મર્યાદિત છે. મનુષ્યે પોતાની પાસે ગમે તેટલા પ્રમાણમાં અન્નનો સંગ્રહ કરી રાખ્યો હોય, પરંતુ તે રોજ શેર અશેર કે પાંચ શેર ખાઈ શકે છે. મનની ઇચ્છા થાય તેટલા ભોગ ભોગવવા તેને માટે અસંભવ છે. જેમ અન્નનો ભોગ પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકતો નથી, તેવી રીતે બીજે ભોગ ભોગવવાની શક્તિ તો તેનાથી પણ વિશેષ મર્યાદિત છે. પોતાના ઘરમાં ભોગોના અનેક સામગ્રીનો સંગ્રહ કર્યો હોય, પરંતુ તેની ભોગ શક્તિ મર્યાદિત રહે છે. જ્યારે મનુષ્ય પોતાની પાસે અધિક ભોગ્ય વસ્તુઓનો સંગ્રહ કરે છે, ત્યારે તેટલા ભોગના પદાર્થો બીજાઓને મળતા નથી અને આવશ્યક ભોગ્ય પદાર્થોથી એટલાં માણસો વંચિત રહે છે. એ અનર્થ અપરિમિત ભોગ તૃષ્ણાથી થાય છે. જ્યારે મનુષ્યોની ભોગ ભોગવવાની શક્તિ મર્યાદિત છે, તો પછી ભોગ વિલાસની વસ્તુઓનો અધિક સંગ્રહ કરવાથી લાભ શો ? તેમ છતાં મનુષ્ય અજ્ઞાનતાવશ ભોગની સામગ્રીઓનો સંગ્રહ કરવા અત્યંત પરિશ્રમ કરે છે. તેના પરિણામ સ્વરૂપ, જે લોકો એ ભોગોથી વંચિત રહે છે તે લોકોમાં સ્વાભાવિક ઈર્ષા અને દ્વેષના ભાવ જાગ્રત થાય છે. જગતમાં અશાંતિ થવાનું મુખ્ય કારણ આ જ છે. ભોગશક્તિ મર્યાદિત હોવા છતાં પણ મનુષ્ય નાના પ્રકારના અધિક ભોગો ભોગવી પોતાના શરીરને રોગી અને દુઃખમય બનાવે છે. તમામ રોગોનું મૂળ ભોગ છે અને તમામ દુઃખોનું મૂળ તૃષ્ણા છે. માટે ભોગ અને તૃષ્ણાનો ત્યાગ કરવો જોઇએ.

ટૂંકમાં, દરેક મુમુક્ષુ જીવે 'આચારાંગ-સુત્ર'નો નીચેનો સાર જીવનમાં ઉતારવા જેવો છે :—

**न सक्का न सोउं सद्दा, सोत्र विसयमागया।**
**रागदोसाय जे तत्थ, तं भिक्खु परिवज्जए॥१॥**

કાનમાં પડતા શબ્દો સાંભળવા જ નહીં તે તો બનશે જ નહીં પણ તેમાં થતા રાગદ્વેષ મુમુક્ષુએ છોડવા જોઇએ

**न सक्का रूवमद्दठु चक्खुविसयमागया।**
**रागद्दोसा०......** ॥ २ ॥

આંખ સામે આવેલું રૂપ જોવું જ નહીં તે તો બનશે જ નહીં પણ તેમાં થતાં રાગદ્વેષ મુમુક્ષુએ છોડવા જોઇએ. ૨

**न सक्का गंधमग्घाउं, नासाविसयमागयं।**
**रागद्दोसा०......** ॥ ३ ॥

નાસિકામાં આવતો ગંધ સુંઘવો જ નહીં તે તો બનશે જ નહીં પણ તેમાં થતાં રાગદ્વેષ મુમુક્ષુએ છોડવા જોઇએ. ૩

**न सक्का रसमस्साउं, जीहाविसयमागयं।**
**रागदोसा०......** ॥ ४ ॥

જીભના સંબંધમાં આવેલ રસનો આસ્વાદ જ નહીં લેવો તે તો બનશે જ નહીં પણ તેમાં થતા રાગદ્વેષ મુમુક્ષુએ છોડવા જોઇએ. ૪

**न सक्का फासमवेएउं फासविसयमागयं।**
**रागद्दोसा०......** ॥ ५ ॥

સ્પર્શેન્દ્રિયના સંબંધમાં આવેલો સ્પર્શનો અનુભવ જ નહીં કરવો તે તો બનશે જ નહીં પણ તેમાં થતા રાગદ્વેષ મુમુક્ષુએ છોડવા જોઇએ. ૫

---

# વાંચકોને પ્રાર્થના

લવાજમ બાકી હોય તેમણે સત્વર ભરવા મે. કરવી અને ભેટ પુસ્તક મંગાવી લેવું.

પૂ૦ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોને વિહારના અંગે ચોકકસ શિરનામાં લખી જણાવવા વિનંતી છે.

—: પત્રવ્યવહાર માટે શિરનામું :—

**શ્રી દલસુખભાઇ ગોવીંદજી**

પો. ઓફિસ પાસે, વાયા અમદાવાદ.

મુ. **સાણંદ,**



# વિચારોનું વમળ
# યાને મનની સાક્ષી

લેખક : વિમળ

**व्यतिषजति पक्षार्थान्नान्तरः कोऽपि हेतुः।**
**न खलु बहिरुपधीन्पीतयः संश्रयन्ते ॥**

જગતમાં કહેવત છે કે—"અંદરનો કોઈ પણ હેતુ ભાવો (માનસિક લાગણીઓને) જણાવે છે ખરેખર! પ્રીતિઓ બહારના કારણોનો આશ્રય કરતી નથી.

પ્રેમ કે દ્વેષ મનની લાગણીઓ–વિચારણાઓને અવલંબે છે. બહારથી માખણ લગાડો કે કડકમાં કડક શબ્દો કહો તેની બહુ અસર પ્રેમ કે દ્વેષમાં હોતી નથી તેનો ચિતાર આપતી એક કથા આ પ્રમાણે છે:—

એક બહુ વિચારશીલ વણિક હતો. તે એક વખત પોતાના કુટુંબ સાથે યાત્રાર્થે પર્યટન કરતાં મલયાચલ જઈ ચઢયો. "વાણીઆ હંમેશાં વેપારમાં કાળજીપૂર્વક ધરાવે અને અમે તે કામમાં વેપારને લગતા કાર્યને આગળને આગળ રાખે" તેમ આ ભાઈ પણ કોઈપણ ઠેકાણે જાય ત્યારે ત્યાંનો શું માલ ક્યાં ક્યાં પેદાય, તેમજ આ પ્રદેશમાં બીજા દેશોનું શું પેદાય તેનો વિચાર કરતો હતો તેમાં મલયાચલની એક વસ્તુ પોતાના વેપારી ક્ષેત્રની સફળતા માટે પોતાના મગજમાં બરાબર વ્યવસ્થિત જણાઈ. તે વસ્તુ બીજી કોઈ નહિ પણ મલયાચલનું પ્રસિદ્ધ ચંદન.

મલયાચલમાં મફતના ભાવે ચંદન મળતું હતું. વાણીયાનું મન તેને ખુબ ખુબ ખરીદવા માટે લલચાયું. નફાનું પ્રમાણ ઘણું દેખાતું હોય તો ઘર વેચીને કે દેવું કરીને પણ માલ લેવામાં વાણીયો પાછો પડતો નથી તેમ આ વાણીયાએ પણ પોતાની પાસે જે મીલ્કત હતી તે ઓછી લાગતાં આભૂષણો વેચ્યાં. તેટલી મીલ્કત પણ ખરીદીમાં ઓછી જણાતાં સગાંસંબંધીઓ પાસેથી જેટલી મળી તેટલી ઉછીની લઈ બની શકયું તેટલું વધારે ચંદન ખરીદ્યું. સામે નફો દેખાતો હોય તો દેવું કરીને પણ ધંધો કયો વાણિયો નહિ કરતો હોય! પણ ખરેખર! આવાં કાળજીપૂર્વક ધરાવતા વેપારીઓને પણ પુણ્ય પાપ નો નફોતોટો કઢવામાં તેમની કાળજીપૂર્વક કેમ અદ્રશ્ય થઈ જતી હશે? તે એક આશ્ચર્યની વાત છે!

ચંદન ખરીદી પોતાને ગામ આવી પહોંચ્યો. હવે બીજો ધંધો કરવાને માટે તેની પાસે બીજી મિલ્કત નહોતી. સગાંવહાલાં પાસેથી પણ એક વખતની લીધેલી મિલ્કત પાછી નહિ પહોંચતાં ફરી મળી શકે તેમ રહ્યું નહિ તેમ ચંદનનો પાઈનોય વકરો થતો ન હતો.

વાણિયો કરવા ગયો કાળજીપૂર્વક પણ બે રીતે મુંઝાયો. ચંદનને લેનાર કોઈ શેઠ, શાહુકાર કે રાજા મહારાજા નીકળ્યો નહિ જેથી નફો આવવાની વાતો તો દુર રહી પણ મોટી વ્યાજખાધ લાગવા માંડી તેમજ બીજો ધંધો નહિ થતાં ઘરખર્ચના પણ સાંસા પડવા લાગ્યા જેથી તેનું મન દિનપ્રતિદિન દુર્બલ થવા માંડયું.

આ વણિક પ્રતિદિન રાજસભામાં જાય, રાજાને મોટી મોટી નીચે નમીને સલામો વંદના કરે, મીઠાં મીઠાં વચનો બોલે, રાજાનો કોઈ જાતના ગુન્હો અપરાધ પણ ન કરે છતાં રાજાને હંમેશાં મનમાં

થયા કરે કે આ વાણીયાને હું કયારે મારી નાખું.

રાજાને પ્રતિદિન વિચાર આવ્યા કરે કે બીજા કોઇ નહિ, અરે ગુનો કરનાર ઉપર પણ નહીં અને આ વાણીઆ ઉપર પહેલાં કોઇ વખત નહિ અને હમણાં હમણાં મારી માનસિક લાગણીઓમાં કેમ વિકૃતિ આવી. ઘણો ઘણો વિચાર કરવા છતાં તે પ્રશ્ન તેને પ્રશ્નાવલિઓના ચકકરમાં મૂકે પણ તેનો કોઇ જાતનો ઉકેલ આવી શકે નહિ.

કોઇપણ માણસને પોતાના માનસિક પ્રશ્નોનું સમાધાન ન થાય ત્યારે હૃદય ખોલીને કોઇ જગ્યાએ વાત કર્યા સિવાય માનસિક બોજો હળવો થતો નથી. તેમ રાજાને પણ કોઇ જગ્યાએ વાત કરી ભારેખમ મન હલકું કરવાનો તલસાટ આવતાં મિત્ર સમાન પ્રધાનને વાણિયા ઉપરની માનસિક વિકૃતિની વાત કરી અને સાથે સાથે તેમ થવાનું કારણ શોધી લાવવાનું જણાવ્યું.

પ્રધાનજીએ કારણ શોધી લાવવાનું માથે લીધું. કારણ શોધી લાવવું સહેલું તો નથી જ. છતાં બુદ્ધિમાન માણસને તે રમત સમાન છે.

પ્રધાનનો રાહ બદલાયો. પ્રતિદિન જવા-આવવાનો ક્રમ વાણિયાના ઘર પાસેથી રાખ્યો. શરૂઆતમાં સામા મળતાં પરસ્પર સ્મિત-હસવાનો પછીથી સલામ કરવાનો અને તેનાથી આગળ વધતાં બોલવા ચાલવાનો અને ચા પાણી કરવાનો વહેવાર ચાલુ થયો તે વહેવાર ત્યાં સુધી પહોંચી ગયો કે દિવસમાં ૧-૨ વખત મળવાનું ન બને તો ચેન ન પડે.

એક વખત વાણિયાને ત્યાં લગ્ન આવ્યાં. લગ્ન જેવો અવસર હોય ને અંગત મિત્ર પ્રધાનજીને ન બોલાવે તે બને જ કેમ? પ્રધાનજીને લગભગ ઘણો સમય વાણિયાને ત્યાં રહેવાનો સમય આવ્યો. તે પ્રસંગે પ્રધાનજીની નજર એક ઢગલા ઉપર પડતાં આ શું છે? એમ આંગળી ચીંધી તે સંબંધી હકીકત પુછી. વાણિયાએ નિખાલસપણે હકીકત કહેવા માંડી.

મારી વાણિયાજાતની ભૂલ કહો યા જે કહો તે જીવનની મહાન ભૂલનો એ નમૂનો છે.

પ્રધાને કહ્યું:-તેવું શું છે? કહો તો ખરા.

વાણિયાએ ચંદન ખરીદ્યાની વાત જણાવવા સાથે તે પણ કહી દીધું કે આવું મોંઘામૂલું ચંદન આવા શુષ્ક ગામમાં ખરીદનાર કોઇ મળ્યું નહિ. પણ રાજા મરી જાય તો તેનો ઉપયોગ થવા સાથે મારી મૂડી વ્યાજ સાથે પાછી ફરી જાય.

વાણીયો બોલતાં તો બોલી ગયો પણ બીજી જ ક્ષણે આ હું કોની પાસે શું બોલ્યો? તેવો વિચાર આવ્યો. 'વાણીયો છે, ભૂલથાપ ખાઇ ગયો હોય તો પણ ફેરવી તોળે અને ભૂલ સુધારી લ્યે' તેમ આ વાણીયે પણ ફેરવી તોળ્યું કે-

જોજો હો, પ્રધાનજી આમ હું નથી કહેતો પણ જેને અંતરની વાત કરું છું તે આવી સલાહ આપે છે. મારાથી તે વળી લાખોના પાલનહારનું આવું ચિંતવાય? અહીં પ્રધાને ગાંઠ વાળી પણ તે કંઇ હલકટ વૃત્તિવાળો થોડો જ હતો?

જેઠ માસનો સખ્ત તાપ પડવા લાગ્યો. સૂર્ય જાણે અગ્નિ જ ન વરસાવતો હોય? રાજાથી તો બહાર ન નીકળાય એટલું જ નહિ પણ મહેલમાં-સુખાસનમાં પણ સુંદર ખસની ટટીઓ બાંધી આરામ કરવાનો હોવા છતાં કોઇ રીતે ગરમી સહન થઇ શકે જ નહિ.

પ્રધાનજીએ બુદ્ધિનો ઉપયોગ કરી પેલા વાણીયાનું ચંદન મંગાવી ઘસાવી રાજાના શરીરે વિલેપન કરાવતાં રાજાએ સ્વપ્ને પણ નહીં ધારી હોય તેવી શીતલતા ઉત્પન્ન થઇ.

પ્રધાને તક સાધી કહ્યું- આ શિતલતા ક્ષણિક રહેશે જ્યારે આવા ચંદનનો એક મહેલ બનાવો તો દર વર્ષે ગરમીની ઋતુ સહેલાઇથી અને આનંદપૂર્વક પસાર કરી શકાશે.

સુખશીલ રાજાઓને સત્તાધીશોને ક્યાં ખર્ચના આંકડાઓ સામે જોવાનું હોય છે. ગમે તેટલો ખર્ચ કરીને પણ ચંદનનો મહેલ બનાવવાનો પ્રધાનને ઓર્ડર અપાઇ ગયો.

( અનુસંધાન પાન ૧૮ ઉપર )

# વિશ્વમાં સાહિત્યની મહાન અજાયબી પમાડતો–
# ૭૧૮ ભાષાઓમાં લખાયેલો ગ્રંથ

સં૦ કુમારપાળ વીમળભાઈ શાહ
સુથારવાડો, **વિજાપુર** ( ઉ. ગુ. )

બેંગલોરમાં એક એવો અદ્ભુત ગ્રંથ છે કે આજ સુધી દુનિયામાં જોવામાં કે સાંભળવામાં નથી આવ્યો. આ ગ્રંથનો થોડોક ભાગ તા. ૧૬–૯–૫૫ ના રોજ ભારતના રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદને રાષ્ટ્રપતિ ભુવનમાં ગ્રંથના સંરક્ષક તરફથી બતાવવામાં આવ્યો હતો, ત્યારે એમણે પણ એને દુનિયાની આઠમી મહાન અજાયબી જ કહી હતી.

આ મહાન ગ્રંથનું નામ **"ભુવલય"** છે. આ ગ્રંથના રચનાર આચાર્ય 'કુમુદેન્દુજી' છે. એ એક દક્ષિણી જૈન બ્રાહ્મણ હતા. ભુવલયના હાલના સંપાદક કર્ણાટકના મશહુર ઇતિહાસકાર છે. શ્રી. કંઠળાજીએ ઘણા સંશોધન પછી અનેક પ્રમાણોએ સિદ્ધ કર્યું છે કે આચાર્ય કુમુદેન્દુજી ઈ. સ. સાતમી સદીમાં થઈ ગયા. એ ગંગવંશના જાણીતા રાજા અમોઘવર્ષ પહેલાના રાજગુરૂ અને જૈનાચાર્ય વીરસેનના મુખ્ય શિષ્ય હતા. દેવપ્પા નામના કવિએ પોતાના રચેલા કુમુદેન્દુશતક નામના પુસ્તકમાં લખ્યું છે કે તેમના પિતાનું નામ ઉદયચંદ્ર, દાદાનું નામ વાસુપૂજ્ય હતું.

અસાધારણ વિદ્વતા, અદ્ભુત રચના અને ભાષાની જાણકારી તથા વિવિધ વિષયોના જ્ઞાનનો નમુનો કોઈને જોવો હોય તો એણે આ ગ્રંથ વાંચવો જ જોઈએ. જે વિદ્વાનોએ આ ગ્રંથનું અવલોકન કર્યું છે એ સૌ કહે છે કે આના જેવો બીજો ઉત્તમ ગ્રંથ આજ સુધી મળ્યો નથી. દુનિયામાં ભાગ્યે જ એવો કોઈ વિષય હશે કે તેને આચાર્ય કુમુદેન્દુજીએ હાથ લગાડયો ન હોય.

આ ગ્રંથમાં વેદ, ગીતા, ઉપનિષદ, દર્શન-

---

( પાન ૧૭નું અધુરૂં )

પ્રધાને પણ ખરીદી કરતાં દશ ગણા ભાવ આપી વાણીયાનું ચંદન ખરીદી લીધું. અહીં વાણીયાને વિચાર આવ્યો–**ઘણું જીવો તે રાજા કે પ્રજાની ભૂલ સુધારી** તેને આરોગ્ય કરાવવાની ઉદારતા દર્શાવે છે, આમ સતત ભાવના ભાવવા લાગ્યો.

રાજસભામાં જઈને વાણીયાનો પ્રતિદિન તેનો તે જ કાર્યક્રમ હોવા છતાં રાજાની વૃત્તિઓ બદલાઈ કે આ વાણીયાને હું અંગત મિત્ર બનાવું– મારો સાચો સલાહકાર બનાવું. એમ વિચારોનો પલટો થવાથી ફરી પ્રધાનજીને બોલાવી જણાવ્યું કે આ વાણીયા ઉપર હવે મારી પ્રેમિકી લાગણીઓ થઈ આનું કારણ શું ?

પ્રધાને અભયદાનની શરતે જણાવ્યું કે– વાણીયાની બંને વખત તમારા માટેની મરણજીવનની માનસિક ભાવનાઓ થઈ જેથી તમારી ભાવનાઓ પણ તેવીજ થઈ એટલે પરસ્પરનાં મન હંમેશાં પ્રેમ કે દ્વેષ ઉત્પન્ન કરે છે. રાજાએ તો વાત સાંભળતાની સાથે ઓર્ડર કર્યો કે–પ્રજાજન તરીકે વાણીયાના આવા ચિંતવન માટે તેને ફાંસીની શિક્ષા કરો **રાજા મિત્રં કેન દુષ્ટ શ્રુતં વા)** ત્યારે પ્રધાનજીએ પોતાની શરત પ્રમાણે વાણીયાને અભયદાન અપાવવા સાથે પ્રેમ કે દ્વેષમાં આંતરીક હેતુ માનસિક વલણ–મનની સાક્ષીનો સિદ્ધાન્ત પુરો પાડયો.

રાજ્યમાં આવા પ્રધાનો હોવા અતિ આવશ્યક છે.

આ લેખ–કથા ઉપરથી આ લોક પરલોકના હિતની દ્રષ્ટિએ કોઈના પ્રત્યેનો ખરાબ વિચાર કરતાં અટકી જવું તેમાંજ જીવનની અને આત્માની સલામતી છે.

ગણિત, રામાયણ, મહાભારત, ભૂગોળ, ખગોળ, રસવાદ, શરીરવાદ, શરીરશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ભાષા-વિજ્ઞાન, સંગીત, વાજિંત્ર, સેક્સોલોજી, આયુર્વેદ વગેરે વગેરે અનેક વિષયો પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

લેખકની પ્રતિજ્ઞા હતી કે પોતાના સમયની બધી ભાષાઓના ગ્રંથોનો 'ભુવલય'માં સમાવેશ કરી દેવો. ગ્રંથ કર્ણાટક ભાષામાં સાંગત્ય નામના છંદમાં લખાયો છે. પણ આચાર્યજી લખે છે કે ૭૧૮ ભાષાઓમાં આ ગ્રંથની રચના કરી છે. એમાંથી ૧૮ ભાષાઓ મુખ્ય છે અને જે કોઈ જે ભાષા-ઓમાંથી વાંચી શકે છે એ જ ગ્રંથની મોટી ખુબી છે. એટલે ગ્રંથકારે પોતાની ભાષાને સર્વ ભાષામય કહી છે.

આજ સુધીમાં સંસ્કૃત, પ્રાકૃત, કાનડી, તેલુગુ તામિલ, માગધી, અર્ધમાગધી, વગેરે ૫૦ જેટલી ભાષાઓના છંદ આ ગ્રથમાંથી વંચાયા છે.

પરંતુ સૌથી મહાન અજાયબી તો એ છે કે આ ગ્રંથનું છાપકામ લગભગ ૧૬૦૦૦ પાનાંઓમાં પૂરું થશે. અત્યાર સુધીમાં ગ્રંથના લગભગ ૭૫૦૦૦ શ્લોકો વાંચી શકાયા છે. અને એ તો હજી આ ગ્રંથનો છઠ્ઠો ભાગ જ છે. આટલો મહાન ગ્રંથ હોવા છતાં આ આખા ય ગ્રંથમાં કયાંયે અક્ષરોની રચના નથી મળતી

આખો ગ્રંથ આંકડાઓમાં લખાયો છે. દરેક પાના ઉપર સીધી રેખા વડે ૩૦ ખાના પાડીને ૩૦ આંકડાઓ લખવામાં આવ્યા છે, અને એ દરેક આંકડો નાગરી લિપિના એક અક્ષરને સુચવે છે, નાગરી લિપિમાં સ્વર, વ્યંજન, વિસર્ગ, યુક્ત સ્વર વગેરે મળીને આચાર્યશ્રીએ ૬૪ અક્ષર માન્યા છે. એટલે ૬૪ આંકડાઓમાંજ આખોય ગ્રંથ લખાયો છે. આંકડાઓની ગોઠવણીમાં જે ખુબી અને ચમત્કાર છે એ વર્ણવી શકાય એવો નથી.

શ્રી કંઠૈયાજી કહે છે કે જ્યારે મેં પહેલીવાર એ હસ્તલિખિત ગ્રંથનાં પાનાંઓ જોયાં ત્યારે મારી સમજણમાં કાંઈપણ આવ્યું નહિ, કારણ કે એમાં આંકડાઓ સિવાય બીજો કોઈ અક્ષર જ ન હતો, પરંતુ શ્રી ભાસ્કરપંતજી શાસ્ત્રી એ તથા પંડિત મલપ્પા શાસ્ત્રી જેમના કબજામાં આ ગ્રંથ છે અને જેઓ મહાન વિદ્વાન દાક્ષિણાત્ય પંડિત છે એમણે એ અંકોનો ક્રમ સમજાવ્યો ત્યારે ખબર પડી કે એ અંકોને સીધી લીટીમાં વાંચીએ તો કાનડી ભાષાના શ્લોકો બનતા જાય છે, અને બધી લીટી-ઓના ૨૧મા અંકને ઉપરથી નીચે સુધી વાંચીએ તો સંસ્કૃતના શ્લોકો બની જાય છે. મેં પોતે પણ એ રીતે સંસ્કૃતનો શ્લોક બનાવી વાંચ્યો. એ પ્રમાણે જો દરેક લીટીનો પહેલો અંક નીચે વાંચતા જઈએ તો ઋગ્વેદના મંત્ર બનતા જાય છે. અને છેલ્લો અંક વાંચતા જઈએ તો ગીતાના અનેક શ્લોકો બનતા આવે છે. આ રીતે જુદી જુદી રીતે અંકો વાંચવાથી પાંચ ભાષાઓમાં ગીતાના શ્લોકો જ નીકળી આવે છે. આ ગ્રંથમાં ગણિતની એવી કરામત છે કે હું તો જોઈને અજબ બની ગયો. છેલ્લામાં છેલ્લું અણુવિજ્ઞાન પણ મળી આવે છે. અને એ પણ એટલે સુધી કે અત્યારના અણુઓમની બનાવટના મુળભુત સિધ્ધાંત પરમાણુનું વિસર્જન ( Splitting of Atoms ) વગેરેનાં વર્ણનો પણ મળી આવે છે.

અજાયબી તો એ છે કે એક વ્યક્તિએ પોતાના જીવનકાળમાં અનેક વિદ્યાઓ અને ભાષાઓના ભંડાર સમા આ અદ્ભુત ગ્રંથની રચના કેવી રીતે કરી હશે!

જૈન વિદ્વાનો, આચાર્ય ભગવંતો, આ તરફ લક્ષ આપે અને જૈન સાહિત્ય અને વિદ્વાનોની મહત્વતા દર્શાવે એ ઘણું જરૂરી છે.

# શાસન સમાચાર

## સુરેન્દ્રનગરમાં સુંદર શાસનપ્રભાવના

અત્રે ચાતુર્માસ બીરાજેલા શાસનકંટકોદ્ધારક પૂ. ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજાદિ ઠાણા ૪ની પવિત્ર નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અદ્વિતીય એવાં શાસનનાં ઘણાં કાર્યો થયા છે. જે અનેક પેપરોમાં પ્રસિધ્ધ થયાં છે. નૂતનવર્ષના પ્રારંભમાં પણ કા. શુ. ૫ થી શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથના અઠ્ઠમો પૂજ્ય ગણિવર્યશ્રીનાં સદુપદેશથી શેઠશ્રી ધારશીભાઈ માણેકચંદ તરફથી કરાવાયા હતા. તપસ્યા દરમ્યાન પુજા-આંગી-જાપ વગેરે તથા તપસ્વી પૂ. સાધ્વીજી શ્રી રાજેન્દ્રશ્રીજીની ૯૫મી ઓળીના કા. શુ. ૬ના પારણા નિમિત્તે કા. શુ. ૪ને રવિવારે શેઠશ્રી ધારશીભાઈ તરફથી પૂજા-નૂતનમંડપમાં પાર્શ્વનાથ પ્રભુ સન્મુખ થયેલ. જેમાં અઠ્ઠમની સંખ્યા ૮૫ની થયેલ. તપસ્વીઓને તેઓના તરફથી પારણા કરાવાયાં હતાં અને તેમના તરફથી રૂપીઓ-શ્રીફળની પ્રભાવના થયેલ, તદુપરાંત બીજા પણ ભાગ્યશાળીઓ તરફથી વિવિધ પ્રભાવનાઓ થયેલ.

**ચાતુર્માસ પરિવર્તન**– શાસનકંટકોદ્ધારક પૂ. ગણિવર્ય શ્રી આદિ ઠાણા તથા અત્રે બીરાજતા દરેક સમુદાયનાં પૂ. સાધ્વીજી મ. ને શેઠ શ્રી ઉજમશી અમરચંદભાઈના સુપુત્રો શેઠ જમનાદાસભાઈ તથા શેઠ કાંતિલાલભાઈએ પોતાના નૂતન બંગલે ચાતુર્માસ બદલાવવાનો આદેશ લીધેલ, તદનુસાર કા. સુ. ૧૫ના દિને સવારમાં ધામધૂમપૂર્વક શ્રી ચતુર્વિધ સંઘ સહિત વાજતે ગાજતે પૂ. ગણિવર્ય શ્રી આદિનું ચાતુર્માસ તેમના બંગલે બદલાવવામાં આવેલ. જ્યાં બંગલાની અગાશીમાં મંડપ બાંધવામાં આવેલ ત્યાં પૂ. શ્રીએ પ્રથમ મંગલદેશના આપેલ. ત્યારબાદ શેઠ શ્રી તરફથી પતાસાની પ્રભાવના થએલ.

**શ્રી સિધ્ધાચલજીનાં પટદર્શન**:– ત્યારબાદ પૂ. શાસનકંટકોધ્ધારક આદિ શ્રી ચતુર્વિધ સંઘ બેંડવાજા સહિત શહેર બહારની શ્રી જયહિંદ સોસાયટીમાં આ વર્ષથી જ પ્રથમ બંધાયેલ શ્રી સિદ્ધાચળજીનાં પટ-દર્શને પધારેલ. જ્યાં સકલ સંઘ સાથે સામુદાયિક ચૈત્યવંદનાદિ કરેલ. બાદ પૂ. શ્રી શ્રી ચતુર્વિધ સંઘ સાથે વાજતે ગાજતે શેઠ શ્રી ઉજમશી અમરચંદ ભાઈને બંગલે પધારેલ. ત્યાં પૂ. ગણિવર્યશ્રીએ શ્રી સિધ્ધગિરિજીનાં મહિમાનું વર્ણનપૂર્વકનું હૃદયંગમ પ્રવચન આપેલ. ત્યારબાદ ઉદારદિલ જમનાદાસભાઈ તથા કાંતિલાલભાઈએ રૂા. ૫૧)થી જ્ઞાનપૂજન કરેલ ત્યારબાદ તેમના તરફથી પેંડાની પ્રભાવના થએલ. બપોરના મંડપમાં શેઠશ્રી તરફથી પંચકલ્યાણક પૂજા ભણાવાએલ, તથા પૂજાના અંતે સાટાની પ્રભાવના થએલ. રાત્રે પ્રતિક્રમણમાં બન્ને સ્થળોએ મળીને ૪૦૦ ઉપરાંત ભાઈ-બહેનોએ પ્રતિક્રમણનો લાભ લીધેલ. પ્રતિક્રમણ બાદ શેઠ શ્રી તરફથી ૪-૪ આનાની પ્રભાવના થયેલ.

**પૂજ્યશ્રીની દીક્ષાદિનની ભવ્ય ઉજવણીઃ**– કા. વ. ૩ના દિવસે પૂજ્યશ્રીની દીક્ષાની તિથિ હોવાથી અત્ર ચાતુર્માસસ્થિત પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીની શુભ પ્રેરણાથી શ્રી શ્રાવિકા સંઘે દીક્ષા દિનની સુંદર ઉજવણી કરી હતી પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. આદિ ૧૧ ઠાણાઓ સહિત વિપુલ સંખ્યામાં શ્રી શ્રાવિકા સંઘ તે દિવસે જોરાવરનગર ગયેલ. ત્યાં સુંદર રાગ-રાગિણીઓપુર્વક બપોરના પુજા ભણાયેલ. પુજા બાદ મીલવાળા સુશ્રાવિકા જસવંતીબ્હેન તરફથી દેણીની પ્રભાવના થએલ. આંગી રચાયેલ. શ્રાવિકાસંઘે જોરાવરનગર સાધારણ ખાતામાં રૂા. ૫૧ આપેલ. ત્યારબાદ ઉજાણી કરીને શ્રાવિકાસંઘ પાછો ફર્યો હતો.

**પાઠશાળાનો વાર્ષિક ઇનામી મેળાવડો–** કા. વ. ૪ને રવિવારના દિવસે અહીં વર્ષોથી ચાલતી પુ. ગણિવર્ય શ્રી મુક્તિવિજયજી જૈન પાઠશાળાનો વાર્ષિક ઇનામી મેળાવડો હોવાથી પાઠશાળાની કમીટી તરફ તા. ૨૫–૧૧–૬૧ના દિને પુ. શાસન-કંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં વાર્ષિક ઇનામી મેળાવડા માટેની નિમંત્રણ પત્રિકા પ્રસિધ્ધ થઈ હતી. તદનુસાર ઉપાશ્રયના વિશાળ હોલમાં રવિવારના રોજ સવારે પૂ. ગણિવર્ય-શ્રીની નિશ્રામાં મેળાવડો યોજાએલ તેમાં પ્રથમ બાળકોએ મંગલાચરણ કર્યા બાદ બાળાઓના ગીત–સંવાદ–રાસ આદિ કાર્યક્રમ બાદ શિક્ષક ચંપકલાલે રીપોર્ટ વાંચી સંભળાવેલ પછી પર્યુષણા પર્વમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ પાઠશાળાની રૂ. સો. સોની કાયમી તિથિઓની નોંધ રજુ કરેલ. જેમાં લગભગ ૧૦૦' તિથિઓ નોંધાઇ ગઇ છે.

ત્યારબાદ શ્રીસંઘના બહોશ માનદ સેક્રેટરી અને પાઠશાળાની કમિટિના સભ્ય શેઠશ્રી બાપાલાલ મનસુખલાલે પોતાની લાક્ષણિક શૈલીમાં પાઠશાળા દિન-પ્રતિદિન કેમ આગળ વધે અને તે અંગે આપણી શી ફરજ છે? તેની સુંદર રજુઆત કરેલ. બાદ મહેસાણાના પરીક્ષક શ્રીયુત વાડીલાલ મગનલાલે પાઠશાળાની પ્રગતિ કેમ થાય? તે અંગેની સ્કીમ અને અનેક દાખલાઓ આપવાપૂર્વક સુંદર વકતવ્ય કરેલ. બાદ કલકત્તાથી રૂા. દસ હજાર પાઠશાળાને શેઠશ્રી કેશવલાલ ધારશીભાઇ મારફત ભેટ મળ્યાની જાહેરાત થએલ.

ત્યારબાદ અધ્યક્ષસ્થાનેથી પુ. શાસનકંટકો-દ્ધારકશ્રીએ પાઠશાળા એટલે શુ? પાઠશાળા પ્રતિ શ્રી સંઘના દરેક ભાઇબ્હેનોની શી ફરજ છે? તેના નિભાવ માટે શું કરવું જોઇએ? બાળક–બાલિકા-ઓને કેવા સુંદર સંસ્કારો પાડવા જોઇએ? તથા ગુરૂપારતંત્ર્યમાં અને જ્ઞાનથી પ્રાપ્ત થતા લાભો ઉપર શ્રી યવરાજર્ષિનું અપૂર્વ દષ્ટાંત આપવા પુર્વક મનનીય પ્રવચન આપેલ. ત્યારબાદ શેઠ શ્રી કેશવલાલ શ્રીકમલાલ તરફથી કાયમી ઇનામી પ્રબંધમાંથી તેમના સુપુત્ર શ્રી. બચુભાઇના હસ્તે પાઠશાળાનાં બાળકોને ઇનામ વહેંચવામાં આવેલ. બપોરે ૬૪ પ્રકારી પૂજા ભણાવેલ અને પ્રભુજીને સુંદર અંગરચના થએલ. પૂ. ગણિવર્યશ્રી આદિ ઠાણાં ની અત્રે મૌન એકાદશી સુધી સ્થિરતા થવા સંભવ છે.

## વઢવાણસીટીનાં શ્રી નૂતન સંઘને જિનમંદિર અર્પણ કરાવાયું.

વઢવાણસીટીમાં 'સ્વ. શેઠ શ્રી ફુલચંદ લાલચંદ જૈન દહેરાસર' એ નામનું ભવ્ય શિખરબંધી નૂતન જિનમંદિર શેઠ શ્રી કપુરચંદ ફુલચંદ તથા શેઠ શ્રી વાડીલાલ ફુલચંદ તરફથી પોતાના સ્વ. પૂ. માતા–પિતાના પુનિત સ્મરણાર્થે બંધાવીને તેમાં મૂળનાયક શ્રી શીતલનાથ પ્રભુજી આદિ શ્રી જિનબિંબોની ભારે ધામધૂમ પૂર્વક પ્રતિષ્ઠા કરાવીને તેનો વહીવટ પણ પોતેજ કરતા હતા. તે નૂતન જિનમંદિર, સુરેન્દ્રનગરમાં ચાતુર્માસ બિરાજતા પૂ. શાસન કંટકોધ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજશ્રીના સુપ્રયાસથી અને સતત સદુપદેશથી વઢવાણ સીટીના શ્રી સંઘને અર્પણ કરવાનું સહર્ષ સ્વીકાર્યું. અને પૂજ્યશ્રીનાં આપેલા આસો સુદિ ૬ ને રવિવારના શુભ દિવસે બન્ને ભાઇઓએ વઢવાણ સીટીના શ્રી સંઘને પરમ ઉલ્લાસથી નિભાવફંડ આપવા પૂર્વક પોતાનું શ્રી જિનમંદિર અર્પણ કર્યું હતું. જેનો શ્રી સંઘે બહુ માનપૂર્વક સ્વકીાર કરેલ છે. અને શ્રી સંઘે '**સ્વ. શેઠ શ્રી ફુલચંદ લાલચંદ જૈન દહેરાસર**' એવું નામ કાયમ રાખવાનું અને પ્રતિવર્ષે ધ્વજા ચડાવવાનો આદેશ સ્વ. શેઠશ્રી ના કુટુંબને આપવાનું ઠરાવ્યું છે. બન્ને ભાઇઓ તરફથી પ્રતિષ્ઠાના દિવસે પ્રતિવર્ષે પૂજા–આંગી પ્રભાવના–માટેની રકમ પણ શ્રી સંઘને અર્પણ કરીને પોતાના કુટુંબનું નામ અવિચળ રાખ્યું છે.

## અમદાવાદ પધાર્યા

પૂજ્યપાદ પન્યાસપ્રવર શ્રી. મહોદયસાગરજી ગણિવર્ય તથા મુનિવર્ય શ્રી. દુર્લભસાગરજી ઠાણા–૨ સાણંદથી વિહાર કરી અમદાવાદ આંબલી પોળના ઉપાશ્રયે ઝવેરીવાડ પધાર્યા છે. પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ

આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પ્રેરક મુનિવર્યશ્રી ત્રૈલોક્ય-સાગરજી આદિ ઠાણાઓ અહીંથી વિહાર કરી અમદાવાદ પધારશે.

**ખંભાત :** ગઇ સાલની માફક ચાલુ સાલે પણ ખંભાતથી બે ગ્રેટ. ટી.ની સ્પેશીયલ બસો યાત્રા કરવા કા. વ. ૩ ને શનિવારે સાંજે પાંચ વાગે અત્રેથી રવાના થઇ હતી. સૌ પ્રથમ માતર મુકામે આ બસો રોકાઈ ગઇ હતી અને ત્યાં દર્શન વિ.નું કામ પતાવ્યા બાદ બન્ને બસો સવારે ૮-૩૦ વાગે સાણંદ મુકામે પહોંચી હતી. ત્યાં શ્રીજૈન સંઘ તરફથી બન્ને બસોનું સ્વાગત કરવા ત્યાંના આગેવાનો જેમાં શ્રી. રસિકલાલ કેશવલાલ, શ્રી. બુધાભાઈ, શ્રી. હસમુખભાઇ ગોવિંદજી, માજી ન્યાયમૂર્તિ તથા અન્ય આગેવાનો ઉપસ્થિત હતા. યાત્રાળુઓએ દેરાસરે દર્શન કર્યા બાદ ત્યાં ચોમાસુ રહેલા પન્યાસજી મહારાજ શ્રી. મહોદયસાગરજી અ. પ. પૂ. ગુ. મુ. મ. શ્રી. દુર્લભસાગરજીને વંદના કરી હતા. શ્રી. રસિકભાઈ તરફથી બધા જ પ્રવાસીઓને ચાહ-પાણી અપાયાં હતાં. આનંદમય વાતાવરણમાં બસો આગળ વધી હતી અને બપોરે ૧॥ વાગે શંખેશ્વર પહોંચ્યા હતા.

શંખેશ્વરમાં પૂજા, સેવાપૂજા, સ્નાત્રપૂજા વિ.નો અનેરો લાભ લીધો હતો. સ્નાત્રપૂજા, પૂજામાં શ્રી રતીલાલ, ગાંધી જંબુભાઇ, વાડીલાલ કાપડીયાએ અનેરી રંગત જમાવી હતી. સાંજે ઉમંગી પ્રવાસી અને આ પર્યટનોમાં અનેરો રસ લેનાર શ્રી સાંકળચંદ ઘીયા તરફથી બધા જ પ્રવાસીઓને ભોજન અપાયું હતું. રાત્રે ભાવનામાં અનેરી રંગત જામી હતી. આરતી વિ.માં પણ બધાએ ઉમંગથી ભાગ લીધો હતો. જેમાં શ્રી. ચિમનલાલ નાથાલાલની કું.એ અગ્ર ભાગ ભજવ્યો હતો. યાત્રિકસંઘ તરફથી ટીપમાં સારી એવી રકમ ભરી હતી.

સવારે બન્ને બસો હારીજ પહોંચી ત્યાં જૈન સંઘના આગેવાનો ઉપસ્થિત હતા. શ્રી. સુરચંદભાઇ વેલસી તરફથી પ્રવાસીઓને ચાહ-પાણી અપાયાં હતાં, પ્રવાસીઓની સેવામાં માસ્તર હરગોવિંદદાસ અને ચિત્રકાર શ્રી. શાંતીભાઇએ સારો એવો સહકાર આપ્યો હતો. ત્યારબાદ કંબોઇતિર્થમાં દર્શનનો પ્રવાસીઓએ લાભ લીધો અને પછી પહોંચ્યા મહુડી!

મહુડીનું પ્રવાસીઓમાં અનેરું આકર્ષણ હતું. ઘંટાકર્ણ વીરની મુર્તિ જોવાની ઘણા વખતથી અનેકની ઝંખના એ દર્શન બાદ પુરી થઇ. સૌ પ્રવાસીઓમાં આનંદ છવાઈ ગયો. ત્યાંના કારખાના તરફથી પણ સુંદર સહકાર અપાયો. અહીં પણ શ્રી ઘીયા તરફથી ૧। મણ સુખડી બનાવી અને ચાહ-પાણી પણ તેમના તરફથી અપાયાં. સેવા પૂજા બાદ પ્રવાસીઓ આગળ વધ્યા અને પાનસર તિર્થમાં રાત્રે મુકામ કર્યો.

સવારે પાનસરમાં સેવાપુજાનો અનેરો લાભ લીધો. શ્રી. રતીલાલ મોતીલાલ ગાંધી અને શ્રી. મણીલાલ તગીનદાસ ઝવેરી તરફથી ચાહ-પાણી અને ભોજન સમારંભ રખાયા હતા.

ત્યારબાદ ભોયણી અને શેરીસામાં દર્શનનો પ્રવાસીઓએ લાભ લીધો. શેરીસામાં આભારદર્શન કરતી મીટીંગ રચાઇ જેમાં સંચાલકો શ્રી ચિમનલાલ ચોકસી, પંડીત છબીલદાસ, શ્રી ભદ્રીક કાપડીયાએ સૌનો આભાર માન્યો. પ્રવાસીઓમાં ॥ શ્રી રતીલાલ ગાંધી, શ્રી જયંતીલાલ પરીખ, શ્રી હીંમતલાલ ઉજમસીએ પણ પ્રાસંગીક પ્રવચનો કર્યા.

અનેરા આનંદ વચ્ચે આ પ્રવાસ કા. વ. ૫ ને રાત્રે ૧૦॥ વાગે પૂરો કરી આ બસો ખંભાત મુકામે પરત આવી.

આ બસોની વ્યવસ્થામાં શ્રી મૂળચંદ સોભચંદ, શ્રી જયંતીલાલ, શ્રી નાથાભાઇ; શ્રી ચિમનલાલ અમરચંદ, શ્રી સાકળચંદ ઘીયા, શ્રી મંગળદાસ સરૂપચંદ, શ્રી શાંતીલાલ અંબાલાલ, શ્રી હીંમતલાલ ઉજમસી, શ્રી રસિકલાલ છોટાલાલ, શ્રી મણીલાલ ઝવેરી, શ્રી રતીલાલ ગાંધી, શ્રી જંબુભાઈ ગાંધી વિ. એ ઉમંગભેર સહકાર આપ્યો હતો અને આ બન્ને બસોનું સફળતાપુર્વક સંચાલન શ્રી ચિમનલાલ ચોકસી અને 'બુદ્ધિપ્રભા' ના તંત્રીઓ પંડીત

છબીલદાસ અને શ્રી ભદ્રીકલાલ જીવાભાઇ કાપડીયાએ કર્યું હતું.

તપગચ્છ જૈન સંઘ કા. વ. ૧૧ને રવિવારે રાજાજ મુકામે ગયો હતો. ત્યાં દર્શન પુજાનો લાભ લીધો હતો. સમુહ ભોજન બાદ સૌ સાંજે પાછા ફર્યા હતા. આ પ્રસંગે ખાસ એસ. ટી. એ દોડાવી હતી જ્યારે આ અંગેની બધી વ્યવસ્થા શ્રી સ્થંભ-તીર્થ જૈન સેવા સમાજે કરી હતી.

## ગંઢ

અત્રે આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી આદિ ઠા. ૪ અને સાધ્વી શ્રી સૂર્યપ્રભાશ્રીજી તથા ચન્દ્રપ્રભાશ્રીજી આદિ ઠા. ૪નું ચતુર્માસ નિર્વિઘ્ન સમાપ્ત થયું છે. અને ચતુર્માસ બદલાવવાનું સંઘ સમક્ષ દાણી ચીમનલાલ ત્રીભોવનદાસને ત્યાં સ્વીકાર-વામાં આવેલ છે. બપોરે શ્રી વિરવાડીમાં શ્રી શત્રુંજયના પટ્ટનાં દર્શન કરવા ચતુર્વિધ સંઘ જશે. આચાર્ય ભગવંત શ્રી આદિ સાધુ ભગવંતો અત્રેથી કાર્તક વદ ૧ વિહાર કરી આસેડા થઇ ડીસા પધા-રશે. સાધ્વીજી મહારાજશ્રી શ્રી મેત્રાણાતીર્થ થઇ ચારૂપ થઇ પાટણ તરફ પધારશે.

અત્રે બહેનોનો ઉપાશ્રય ઘણો નાનો પડવાથી ઘણા વખતના દીલના દુઃખને દુર કરવા ચંચલ એવી લક્ષ્મીનો સ્વભાવ જાણી ધર્મના કામમાં ઢીલ કરવી નહી એ ન્યાયને લક્ષમાં રાખીને શ્રી નરોતમ-દાસભાઇએ સ્વર્ગસ્થ પોતાના પિતાશ્રી લક્ષ્મીચંદ મોતીચંદની સ્મૃતિ અર્થે રૂા. ૪૦૦૧) આચાર્ય ભગવંતની નિશ્રામાં સંઘ સમક્ષ આપવાનું નક્કી કર્યું છે. સામાન્ય શક્તિમાં પણ આટલી મોટી રકમ આપનાર એ આત્માને ધન્યવાદ હો !

## ખેરાળુ

પ. પુ. આ. મ. ભક્તિસૂરીશ્વરજીના શિષ્ય મુનિ ચંદ્રપ્રભવિજયજી મ. સાહેબ ચાતુર્માસ બિરાજમાન હોવાથી સંઘમાં ઉત્સાહ સારો પ્રવર્તે છે. મહારાજે ચત્તારિઅઠ–દશ–દોયનો તપ કરેલ તે નિમિત્તે એક સદ્‌ગૃહસ્થ તરફથી પુજા આંગી રાખવામાં આવેલ. મહારાજશ્રના ઉપદેશથી કાયમ આયંબીલ ચાલે છે. પર્યુષણમાં તપશ્ચર્યા સારી થયેલ. આસો માસની ઓળી તથા પારણાં શેઠ જમનાદાસ મગનલાલ તરફથી થયેલ. તેમાં શેઠ કાન્તિલાલ પ્રેમચંદના ચિરંજીવી યોગેન્દ્રકુમારે ફક્ત નવ વર્ષની ઉંમરે ઓળી પુર્ણ કરી હતી તે ખરેખર અનુમોદનીય છે.

## કુંભાસણ

નવા ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન હોઇ મુંબઇથી લક્ષ્મીચંદ મગનલાલ, લક્ષ્મીચંદ ધરમચંદ, જયંતીલાલ સુંદરલાલ, પોપટલાલ ગગલભાઈ આદિ પધારેલ. ગઢથી સંઘની વિનંતીથી આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગર સુરીશ્વરજીના શિષ્ય મુનિ ત્રૈલોકયસાગર તથા મુનિ અશોકસાગર પધાર્યા હતા તેઓની નિશ્રામાં શેઠ લક્ષ્મીચંદ મગનલાલે ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન કરેલ વ્યાખ્યાન શ્રવણ બાદ પ્રભાવના થયેલ, બપોરે સિધ્ધ ચક્રની પૂજા ભણાવવામાં આવેલ. પૂજામાં ગઢથી સંગીતકાર પેથાણી ઉત્તમલાલ તથા ગીરધરલાલભાઈ પધારી રાગરાગણીથી પૂજા ભણાવેલ. વીજાપુરવાળા કાન્તિલાલભાઇ પધારી શોભામાં અભિવૃધ્ધિ કરેલ. પૂજામાં ડો. ધૂડાલાલ તથા પોપટલાલે દાંડીયા રમી પ્રભુભક્તિ કરી પોતાની કલા સાર્થક કરેલ. ડોકટર સાહેબે રાત્રે એક કલાક ધાર્મિક અભ્યાસ કરાવવા પોતાની સમ્યગ જ્ઞાનપિપાસા પ્રદર્શિત કરેલ.

## જુના ડીસા

આચાર્ય શ્રીમદ્ ઋદ્ધિસાગરસુરિજીના વંદનાર્થે ગઢથી આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસુરિ પધારતાં સંઘમાં આનંદ વર્તી રહેલ. નવા ડીસાથી આચાર્ય શ્રીમદ્ પ્રેમસુરિજીના શિષ્ય મુ. ચન્દ્રશેખરવિજયજી અત્રે પધારેલ. પરસ્પર સાધુ ભગવંતોના મિલનથી અપૂર્વ ઉત્સાહ અનુભવાયો. આચાર્યભગવંતનું આગમન સાંભળી અનુયોગાચાર્ય ભાનુવિજયજી ગણીવર્યના શિષ્ય ગુણાનુરાગી ગુણાનંદવિજયજી તબીયત નરમ હોવા છતાં એકાએક દર્શનાર્થે પધારેલ. તેઓનો પ્રેમભાવ, ઉત્સાહ, ગુણાનુરાગ અવર્ણનીય હતો અને છે. આવા મહાત્માઓને

ધન્યવાદ છે. અનુયોગાચાર્ય ભાનુવિજયજીના શિષ્ય પન્યાસ પદ્મવિજયજીના કાળધર્મ નિમિત્તે નવાણું પ્રકારની પુજા ભણાવવામાં આવી હતી. મુ. શ્રી ચંદ્રશેખરજી અત્રેથી સહ શ્રી મેત્રાણા થઇ શંખેશ્વરજી પધારશે. મુ શ્રી ગુણાનંદવિજયજી પીંડવાડા તરફ પધારશે. આચાર્ય ભગવંત શ્રી પાલણપુર થઇ અમદાવાદ તરફ પધારશે. આચાર્ય શ્રીમદ્ ઋધ્ધિસાગર સુરિજીની તબીયત ઘણી જ બગડતાં ડો. એમ. એન. કુંભોજનં નિઃસ્વાર્થભાવે ખડેપગે ઉભા રહી ટાઇમનો ભોગ આપી સેવાભકિત કરી મૃત્યુના મુખમાંથી બચાવી લીધા હોવાથી સંઘે તેમનુ બહુમાન કરી ચાંદીની કુલદાની અર્પણ કરેલ. આ મેળાવડો આચાર્ય ભગવંતની નિશ્રામાં યોજવામાં આવેલ. તેમાં વકીલ મફતલાલભાઇએ સેવાધર્મની છણાવટ કરી સુંદર વિવેચન કર્યું હતું

## ભાવનગર

પૂજ્યપાદ ઉગ્રતપોનિધિ, અનુયોગાચાર્ય પન્યાસ પ્રવર શ્રી. મનોહરવિજયજી ગણિવર્ય, આદિઠાણા જુનાગઢમાં શ્રી વર્ધમાન તપની ૯૨ મી ઓળી શરૂ કરી, તથા માસખમણ અને નવાણું યાત્રા કરી. પછી વેરાવળ તરફ વિહાર કરી, પ્રભાસપાટણ, ઉના વિગેરે સ્થળોએ યાત્રા કરી, કદમ્બગીરી ૯૩ મી ઓળી કરી, તથા શ્રી નવાણું યાત્રા શ્રી સિધ્ધગીરીજીની કરીને પછી તળાજા પધાર્યા ને ૯૪મી તેમજ ૯૫મી ઓળી કરી શ્રીતળાજાતીર્થની ૯૯ યાત્રા કરી. પછી ભાવનગર આવી ૯૬મી ઓળી કરી, તેમાં સિધ્ધિતપ ચોવિઆરો તેમજ સોળભત્તુતપ તેમજ બે અઠ્ઠમતપ કુલ બે માસની તપશ્ચર્યા એક સાથે કરી તેમાં નવ આયંબિલમાં ત્રણ દિવસ પાણી વાપર્યું. બીજા બધા દિવસોમાં ચોવિહાર ઉપવાસ કર્યા. કુલ ૪૮ ઉપવાસ ચોવિહારા થયા. અત્યારે વર્ધમાન તપની ૯૭મી ઓળી ચાલે છે. કુલ એક સાથે ૧૮ માસથી આયંબિલ ચાલુ છે. આ ઓળીનું પારણું પોષ સુદ ૧૧ લગભગ આવશે. અત્યારે કુલ ૬૦૦ આયંબિલ થશે. અત્યારે પણ ઉગ્ર તપશ્ચર્યા વચ્ચે વચ્ચે ચાલુ જ છે. કોટિશઃ વંદના ઉગ્ર તપસ્વીને,

# સાભાર સ્વીકાર

રૂા. ૨૫૧) પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ આચાર્ય પ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સુરીશ્વરજીના સદુપદેશથી શ્રી જુના ડીસા શ્રાવિકા બેનોના ઉપાશ્રય તરફથી (જ્ઞાન ખાતે ઉપજમાંથી) જુના ડીસા.

૨૦૦) પુ૦ પ્રશાન્તમૂર્તિ આ. શ્રીમદ્ ઋધ્ધિસાગરસૂરીશ્વરજીની સત્પ્રેરણાથી પુજ્યપાદ પ્રશાન્તમૂર્તિ પરમતપોનિધિ શ્રીમદ્ સુખસાગર ગ્રંથમાળા તરફથી હા. શેઠ મુળજીભાઇ જગજીવનદાસ માંગરોલવાળા.

રૂા. ૧૫૦) પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ સાધ્વીવર્ય શ્રી. અમૃતશ્રીજી મ ના શિષ્યા સાધ્વીશ્રીજી મંજુલાશ્રીજી વિ.ના સદુપદેશથી શ્રી સમી જૈનસંઘ ઉપાશ્રય તરફથી. (જ્ઞાન ખાતેની ઉપજમાંથી)

૫૧) પુ૦ પ્રશાન્તમૂર્તિ પરમત્યાગી તપસ્વિની સા. મ.શ્રી શ્રીશ્રીમહોદયશ્રીજી મ શ્રીના સદુપદેશથી શ્રી રાણપુર શ્રાવિકાબેનોના ઉપાશ્રય તરફથી.

રૂા. ૨૫) શ્રી સાણંદનિવાસી શા. કેશવલાલ જેશીંગભાઇ તરફથી પુજ્યપાદ ગુરૂદેવ શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજીના ફોટાઓ નિમીત્તે.

રૂા. ૨૫) પુ૦ શાસનપ્રભાવક સાધ્વી શ્રી કુસુમશ્રીજી મ.શ્રીના સત્પ્રેરણાથી અજીમગંજ જૈન સંઘના જ્ઞાનખાતામાંથી.

૨૫) પુ૦ શાસનપ્રભાવક સાધ્વીજી કુસુમશ્રીજી મ.શ્રીની સત્પ્રેરણાથી શ્રી શ્રાવિકાબ્હેનોના ઉપાશ્રય તરફથી—જીયાગંજ.

રૂા. ૨૨) શેઠશ્રી કેશવલાલ પરસોતમદાસ મુ. ગઢ (બનાસકાંઠા)

રૂા. ૧૭) એક સદ્ગૃહસ્થ તરફથી

મુ. ગઢ (બનાસકાંઠા)

રૂા. ૧૫) પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ સાધ્વીશ્રી કંચનશ્રીજી તથા સાધ્વીશ્રી જયવંતાશ્રીજીના સદુપદેશથી શ્રી ગોલવાડ શ્રાવિકા બેનોના ઉપાશ્રયેથી

અમદાવાદ

૧૩) પુ૦ મુ.શ્રી શ્રી૧ ૧૦૦૮ શ્રી ચંદ્રપ્રભવિજયજીના સદુપદેશથી હા. શ્રી લક્ષ્મીચંદભાઇ

મુ. ખેરાળુ

રૂા. ૨) શા. નરોત્તમદાસ લક્ષ્મીચંદભાઇ મુંબઇ

# * "બુદ્ધિપ્રભા" ના માનદ્ પ્રચારકો *

૧ નાનાલાલ હીરાલાલ એન્ડ કું. એડન કેમ્પ
૨ રમણિકલાલ ચીમનલાલ દાણી
૪૦/–મરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા.
૩ નાનાલાલ ચીમનલાલ
શાહપુરી પેઠ, કોલ્હાપુર (મહારાષ્ટ્ર)
૪ કેશવલાલ વાડીલાલ ભીવંડી (જી. થાણા)
૫ જયંતીલાલ લલ્લુભાઈ દલાલ, ૫૨–ચંપાગલી, મુંબઈ-૨
૬ રજનીકાન્ત ગીરધરલાલ
૫૫-શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથે માળે, મુંબઈ–૩
૭ દાણી પોપટલાલ લક્ષ્મીચંદ
૬૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩
૮ ચંદુલાલ જે. શાહ ખંભાતવાળા
૬૩/૬૭ ચકલા સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ–૩
૯ ગણેશ પરમાર
લ્હેરી મેનશન, કમલટોકીઝ સામે, મુંબઈ ૪
૧૦ હસમુખભાઈ રાયચંદ
૧૪૦, શીયાપુર, વડોદરા.
૧૧ શાંતિલાલ કેશવલાલ, દેવશાના પાડાની સામે,
અનિલ નિવાસ, ત્રીજે માળે, અમદાવાદ.
૧૨ અમૃતલાલ સકરચંદ
રતનપોળ, ઝવેરીવાડમાં આંબલીપોળ. અમદાવાદ.
૧૩ ચંદુલાલ એમ. પરીખ, ગુસા પારેખની પોળ,
દેરાસર પાસેની ખડકીમાં, અમદાવાદ.
૧૪ રતીલાલ કેશવલાલ પ્રાંતીજવાળા
ધના સુતારની પોળ, અમદાવાદ.
૧૫ અબલદાસ દીપચંદ, નાગજી ભુધરની પોળ,
દેરાસરવાળો ખાંચો, અમદાવાદ
૧૬ પ્રવીણચંદ્ર છોટાલાલ
જૈન દેરાસર પાસે, અમદાવાદ-૫ સાબમતી.
૧૭ નાગરદાસ અમથાલાલ મહુડીવાળા
૨૧/ જૈન સોસાયટી, અમદાવાદ–૭
૧૮ મુનીમ કાન્તિલાલ હઠીસીંગભાઈ
જૈન દહેરાસરની પેઢી, નરોડા
૧૯ બાબુલાલ ચંદુલાલ, દીપકભુવન, જૈન દેરાસર પાસે
મણીનગર અમદાવાદ–૮
૨૦ સાગરગચ્છ કમીટીની પેઢી, સાણંદ.
૨૧ હસમુખભાઈ ગોવિંદજી મહેતા. સાણંદ

૨૨ ગીરધરલાલ મંગળદાસ
જૈન ભોજનશાળા, માતર
૨૦ લલ્લુભાઈ રાયચંદ
C/o ભારત વાચ કું૦ સ્ટેશનરોડ, આણંદ
૨૪ બાપુલાલ મોતીલાલ
વાસણના વહેપારી, કંસારા બજાર, નડીઆદ.
૨૫ રમણલાલ જેચંદભાઈ, કાપડ બજાર, કપડવંજ
૨૬ હરગોવિંદદાસ સંપ્રીતદાસ અધ્યાપક,
શ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર, કપડવંજ.
૨૭ શેઠ મનુભાઈ માણેકલાલ, આંત્રોલી.
૨૮ નટવરલાલ માધવજી
જુની દરજી બજાર રાજકોટ
૨૯ નગીનદાસ જસરાજ, જીવનનિવાસ, પાલિતાણા
૩૦ દીનકરરાવ મોહનલાલ, ધોબીશેરી, શિહોર (સૌરાષ્ટ્ર)
૩૧ પારિ ન્યાલચંદ ડાહ્યાભાઈ, શિયાણી, લિંમડી થઈ
૩૨ ભોગીલાલ નરોતમદાસ ધોલેરાવાળા
C/o. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સુરેન્દ્રનગર
૩૩ પટવા રમણલાલ રતીલાલ
આણંદીયાની ખડકી વીરમગામ
૩૪ મનસુખલાલ અમૃતલાલ કારપટીયા,
રાજકાવાડો, અબજી મહેતાનો પાડો પાટણ
૩૫ અધ્યાપક જેચંદભાઈ નેમચંદ એતરવસી, પાટણ
૩૬ ભોગીલાલ અમથાલાલ વખારીયા
C૦ શ્રીમદ્બુદ્ધિસાગરસૂરી જૈન જ્ઞાન મંદિર,
વીજાપુર (ઉ. ગુ.)
૩૭ શ્રી ઘંટાકર્ણ મહાવીરની પેઢી (મુનીમ)
મુ. મહુડી તા. વીજાપુર (ઉ. ગુ.)
૩૮ ભોગીલાલ ચીમનલાલ, ઉપાશ્રય પાસે, મહેસાણા
૩૯ મનસુખલાલ લહેરચંદ ચાણસ્મા
૪૦ હરગોવીન્દદાસ લીલાચંદ ધીણોજ
૪૧ માસ્તર એન. બી. શાહ હારીજ
૪૨ ચીમનલાલ રતનચંદ સાંડસા
રાજપુર (ડીસા) જી. બનાસકાંઠા
૪૩ જેસંગલાલ લક્ષ્મીચંદ દાણી, ગઢ (જી. બનાસકાંઠા)
૪૪ મનુભાઈ ખીમચંદ આંકલાવ
૪૫ ચતુરદાસ બીખાભાઈ વટાદરા
૪૬ શા. કાન્તિલાલ પરસોતમદાસ
C/o શ્રી નોબલ હાર્ડવેર માર્ટ,
૨. ૮૦/૨ સેમ્બુડોઝ સ્ટ્રીટ, મદ્રાસ–૧.

# "બુદ્ધિપ્રભા" મારી દ્રષ્ટિએ....

શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનો અખૂટ ખજાનો પિરસતું "બુદ્ધિપ્રભા" મારી દ્રષ્ટિએ જૈન જગતનુ એક પંકાયેલ સાહિત્ય છે.

જેમ નર્મદાનું ઉગમસ્થાન અમરકંટક છે, તેમ નવોદિત લેખકાનું તેમજ નવા લેખોનું ઉગમસ્થાન "બુદ્ધિપ્રભા" છે.

કુબેરના ધનભંડારમાં હાથ નાખીયે ત્યારે જે જોઈએ તે મળે છે તેમ આ પત્રિકામાં નજર કરતાં જે પ્રકારનું વાંચન જોઈએ તે મળે છે.

જેમ માણસનું મુખ જોતા તેની મહાનતાનો ખ્યાલ આવે છે તેમ આ પત્રિકાના મુખમાં સમાયેલા લેખકોના લેખો વાંચવાથી આપણને તેની મહાનતાનો ખ્યાલ આવે છે.

વિજયકુમાર રતિલાલ શાહ

# "બુદ્ધિપ્રભા" વાંચવાનો આગ્રહ રાખો:—

બુધ્ધિપ્રભાએ માત્ર ટુંકા જ ગાળામાં અપ્રતિમ પ્રગતિ સાધી છે. ધીમે ધીમે પણ એક પછી એક ડગલું માંડતાં આજ એ મક્કમ પગલાં ભરી રહ્યું છે. માત્ર બે જ વરસના અતિ અલ્પ ગાળામા જૈનેતર સાહિત્યમાં પણ માગ મૂકાવે એવી વાચનસામગ્રી એ આપે છે.

## : : લવાજમના દર : :

પાંચ વરસના ગ્રાહકના રૂા. ૧૩ : ૦૦ બે વરસના ગ્રાહકના રૂા. ૫ : ૫૦

ત્રણ " " રૂા. ૮ : ૦૦ એક " " **માત્ર ત્રણ રૂપિયા**

"બુદ્ધિપ્રભા"ની ઓફિસના **તમામ કામ** માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો :—

## બુદ્ધિપ્રભા કાર્યાલય

C/o શ્રી. છબીલદાસ કેસરીચંદ સંઘવી

દાદાસાહેબની પોળ,

**ખંભાત.**

આ માસિક માણેકલાલ હરજીવનદાસ શાહે "ગુજરાત ટાઈમ્સ" પ્રિન્ટીંગ પ્રેસ નડીઆદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુધ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.